Registration of News Paper No. GUJGUJ/2015/65432
Pages: 8 Price : Rs. 3/- Annual Subscription : Rs. 800/-
Posting Licence No. RAJKOT / 678 / 2021-23,VALID UP TO 31-12-2023
posted at rajkot-RMS published & posting dt.-daily (evening)
Web: www.saurashtrakranti.com
Email ; saurashtrakranti@gmail.com




અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

# સૌરાષ્ટ્ર ક્રાંતી

Year:7, Issue: 244 Dt.27-07-2022 (Wednesday)

સાંધ્ય દૈનિક

તંત્રી, પ્રકાશક, મુદ્રક અને માલિક : ગઢવી અશોક મુળુભા, પ્રકાશન સ્થાનઃ 125, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ–360001

**૮૦ જેટલા દર્દીઓ હજુ પણ સારવારમાં, મૃતકમાં બે મહિલાઓ પણ સામેલ**

# લઠ્ઠાકાંડઃ 55ના મોત





(એજન્સી સમાચાર)

અમદાવાદ, તા.૨૭

બોટાદના બરવાળા અને અમદાવાદના ધંધુકા તાલુકાના ગામોમાં થયેલા કથિત લઠ્ઠાકાંડનો મૃત્યુઆંક વધીને ૫૫ થઈ ગયો છે. જેમાં બે મહિલા મૃતકો પણ છે. ૮૦થી વધુ હજુ પણ હોસ્પિટલમાં દાખલ હોવાનું જાણવા મળે છે. લઠ્ઠાકાંડની અસરવાળા ગામોમાં હજુ પણ રોકકળ સાથે ભારે ગમગીની છવાઈ છે. અને કલ્પાંત મચ્યો છે. હોસ્પિટલના બિછાને રહેલા અમુક દર્દી હજુ પણ ગંભીર હાલતમાં છે.

બોટાદ જિલ્લાના બરવાળાના રોજિદ ગામે દેશી દારૂના રૂપમાં મિથાઇલ આલ્કોહોલ કેમિકલ પાણી સાથે ભેળવી પોટલીઓ વેંચતા આ દારૂ પીવાથી સોમવારે અનેક લોકોને અસર થઈ હતી. હોસ્પિટલો દર્દીઓથી ઉભરાઈ હતી. જેમાં મંગળવાર રાત સુધીમાં ૩૬ લોકોના મોત થઈ ચૂક્યા હોવાની માહિતી મળી રહી છે.

લઠ્ઠાકાંડમાં જયેશ નામના મુખ્ય આરોપીની પીપળજથી ધરપકડ કરી લેવામાં આવી છે. આરોપીએ ૬૦૦ લીટર કેમિકલ પૂરું પાડ્યું હતું. એમોસ કેમિકલ કંપનીમાંથી મિથાઇલ આલ્કોહોલ લવાયું હતું. એટીએસ અને ક્રાઈમ બ્રાંચની ટીમ કંપની સુધી પહોંચી હતી અને જયેશને દબોચી સમગ્ર હકીકત બહાર લાવવામાં આવી હતી.

૨૨ જેટલા મોત મામલે બરવાળા અને રાણપુરમાં પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે. પોલીસે અલગ અલગ ૨૧ જેટલા લોકોની પૂછપરછ ચાલુ કરી છે. બરવાળાની ફરિયાદમાં ૧૩માંથી ૭ આરોપીની ધરપકડ અને રાણપુરમાં ૧૧ લોકો સામેની ફરિયાદમાંથી ૬ લોકોની ધરપકડ કરી છે. આ કેમિકલમાંથી કોઈ દારૂ બનાવાયો નથી. કેમિકલ સીધો પાણીમાં નાખી પીવા માટે દારૂના રૂપમાં પોટલીઓ બનાવવામાં આવી હતી.

ભાવનગરની હોસ્પિટલમાં વધુ ત્રણ દર્દીઓના મોત નિપજતા સર્જાયેલા ભાવનગરની હોસ્પિટલમાં લઠ્ઠાકાંડમાં થયેલ મૃત્યુ આંક વધીને ૧૮ થવા પામ્યો છે. હજુ ભાવનગરની હોસ્પિટલમાં ૭૦ અસરગ્રસ્તો સારવાર હેઠળ છે. બરવાળા પંથકમાં કેમિકલયુક્ત દારૂથી સર્જાયેલા લઠ્ઠાકાંડમાં અસર પામેલા અસરગ્રસ્તોને છેલ્લા બે દિવસથી ભાવનગરમાં ખસેડવામાં આવી રહ્યા છે. ભાવનગરની સર.ટી હોસ્પિટલમાં આ દર્દીઓ પૈકી ગઈરાત સુધીમાં ૧૫ના મોત નીપજ્યાં હતા. આજે સવારે વધુ ત્રણ દર્દીઓના મોત નિપજતા ભાવનગરની હોસ્પિટલમાં મૃત્યુઆંક વધીને ૧૮ સુધી પહોંચ્યો છે.(૯)







## સરકાર–પોલીસ એકશન મોડમાંઃ રાજ્યવ્યાપી દરોડાઃ બુટલેગરો સાણસામાં

## લઠ્ઠાએ અનેક પરિવારોને કર્યા વેરવિખેર

સૌરાષ્ટ્ર તેમજ દક્ષીણ ગુજરાતનાં સમાચારો મેળવવા માટે આજે જ તમારા મોબાઈલમાં અમારી Sk News એપ્લિકેશન ઈન્સ્ટોલ કરો.. તેમજ સૌરાષ્ટ્ર ક્રાંતી ન્યૂઝ પેપરની વેબસાઈટ પર જઈને પણ ન્યૂઝ મેળવી શકો છો.

GET IT ON Google Play | SK NEWS | સૌરાષ્ટ્ર ક્રાંતી NEWS

www.saurashtrakranti.com

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

WhatsApp કરો

તમારા ન્યુઝને

'સૌરાષ્ટ્ર ક્રાંતિ'માં જર્નાલિસ્ટ બની તમે પણ ગર્વ અનુભવો

તમારી આસપાસ બનતી કોઇ પણ ઘટના,સમાચાર,સમસ્યા કે

તસ્વીરોને અમારા સુધી પહોંચાડો.

કોઈપણ ઘટના કે સમાચારની વિગત

93276 28571 ઉપર Whats App કરો

email: saurashtrakranti@gmail.com
web: www.saurashtrakranti.com

# મોભો એ જ, માધ્યમ નવું

## યુ ટ્યુબના માધ્યમથી સૌરાષ્ટ્ર ક્રાંતી આપશે આપની સમસ્યાને વાચા




આજે જ સૌરાષ્ટ્ર ક્રાંતીની યુ ટ્યુબ ચેનલને સબસ્ક્રાઈબ કરો અને સમાચાર મેળવો

SUBSCRIBE
TO OUR CHANNEL
SAURASHTRA KRANTI

@saurashtrakranti/ saurashtrakrant
SAURASHTRAKRANTI SAURASHTRAKRANTI

Web: www.saurashtrakranti.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી

સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# ક્લાસિફાઈડ

પ્રોપર્ટી, લગ્ન, નોકરી, શૌક્ષણીક, ઔષધ,યાત્રાપ્રવાસ, ધંધાદારી, વ્યવસાયલક્ષી, વાહનબજાર

જાહેરાત માટે સંપર્ક કરો:
90333 44426




આ પેજ પર આપની જાહેરાત નજીવા દરે આપવા માટે
94097 57062 પર ફોન કરો અથવા મેસેજ કરો.

CMYK

# ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી પ્રૌઢનું અપહરણ કરનાર ચાર શખ્સો ઝડપાયા

## ક્રાઈમ બ્રાંચની ટીમે ચારને દબોચી લઈ રૂા.૭૦૦ અને લુંટ ચલાવેલ મોબાઈલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા.૨૭

શહેરની ભાગોળે ગ્રીનલેન્ડ ચોકડી પાસેથી રાજસ્થાની પ્રૌઢનું ચાર શખ્સોએ અર્ટીકા કારમાં અપહરણ કરી માર મારી મોબાઈલ ફોનમાંથી કોન્ટેક શોધી પ્રૌઢના સગા સબંધીઓને ફોન કરી જો આને તમારે જીવતો જોવો હોય તો ઓનલાઈન રૂપિયા ટ્રાન્સફર કરો તેમ ધમકી આપી હોય જેના પગલે બી-ડિવિઝન પોલીસે લોકેશનના આધારે દીલધડક ઓપરેશન પાર પાડી અપહૃત પ્રૌઢને હેમખેમ બચાવી લઈ રોકડ અને મોબાઈલની લુંટ કરી નાસી જનાર કાર ચાલક સહિત ચાર સામે બી-ડિવિઝન પોલીસમાં ફરિયાદ નોંધી તપાસ હાથ ધરી હતી તે દરમિયાન ક્રાઈમ બ્રાંચની ટીમે ચાર શખ્સોને દબોચી લઈ લુંટ ચલાવેલ મુદામાલ કબ્જે કર્યો છે. આ અંગેની માહિતી મુજબ રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના રાયપુર ગામે રહેતો સત્યનારાયણ અંબાલાલ સોની ઉ.૫૩ નામના ચાંદીના વેપારી ગઈકાલે રાજકોટ તેના પીતરાઈ ભાઈના ઘરે આવ્યા હતા. બાદમાં પરત રાજસ્થાન જવા માટે ગઈકાલે સાંજના સાડા આઠેક વાગ્યે કુવાડવા રોડ પર ગ્રીનલેન્ડ ચોકડીથી અર્ટીકા કારમાં બેસી રાજસ્થાન જવા નીકળ્યા હતા તે દરમિયાન કુવાડવા પાસે પહોંચતા કાર ચાલક સહિત ચાર શખ્સોએ પ્રૌઢને માર મારી ખીસ્સામાંથી ૧૫૦૦ રૂપિયા રોકડા અને મોબાઈલની લુંટ કરી અને મોબાઈલમાંથી પુત્ર અને સગા સબંધીઓના નંબરો પર ફોન કરી કહેલ કે આ વ્યક્તિનું જીવતુ મોઢું જોવું હોય તો ઓનલાઈન મોબાઈલ પર રૂપિયા ગુગલપે કરો એમ ધમકી આપી હતી અને પ્રૌઢના પુત્ર સંજયે ૫૦ હજાર ન હોય જેથી રૂા.૧૫ હજાર એકાઉન્ટમાં ટ્રાન્સફર કર્યા હતા તે દરમિયાન સંજયે રાજકોટમાં રહેતા તેના કાકાને જાણ કરી હતી કે મારા પિતા સત્યનારાયણ ભાઈને તમે કઈ ગાડીમાં બેસાડયા છે તેના મોબાઈલમાંથી ધમકી ભર્યા ફોન કરી પૈસાની માંગણી કોઈ અજાણ્યા શખ્સો કરી રહ્યા છે તેમ જણાવતા સત્યનારાયણ સોનીનો પીતરાઈ ભાઈ બી ડીવીઝન પો.સ્ટે. ખાતે તાબડતોબ દોડી ગયો હતો અને પીઆઈ એમ સી વાળાને તુરંત જાણ કરતા પીઆઈ વાળા, પીએસઆઈ કે યુ વાળા, એએસઆઈ સલીમભાઈ માડમ, કોન્સ્ટે. મોહસીનખાન, વિશ્વજીતસિંહ, નિલેષભાઈ સહિતના સ્ટાફે એક ખાનગી વાહન અને એક પોલીસવાન સાથે બન્ને ટીમો તપાસમાં લાગી ગઈ હતી. અપહૃત સોની પ્રૌઢનો ફોન અપહરણકર્તાઓએ ચાલુ રાખી તેના સગા સબંધીઓ પાસે પૈસાની માંગણી કરતા હોય જેથી પોલીસે લોકેશન મેળવતા આ શખ્સો ચોટીલા વટી ગયા હતા પરંતુ કોઈ કારણોસર ત્યાંથી પરત થઈ આ શખ્સો અર્ટીકા કાર નં.જીજે૩ એલબી ૯૯૪૧ રાજકોટ ગોંડલ હાઈ-વે તરફ જતા હોય જેથી પોલીસે તેનો લોકેશનના આધારે પીછો કરતા આ શખ્સો હાઈ-વે પર ખોડિયાર હોટલ પાસે નાસ્તો કરવા ઉભા હોય અને પોલીસ આવી જતા અપહરણ કર્તાઓએ તેની અર્ટીકા કાર પોલીસની કાર સામે હંકારી અકસ્માત કરવા પ્રયાસ કરી નાશી ગયા હતા. પોલીસે તેનો પીછો કરી લોઠડા પાસે પહોંચતા અર્ટીકા કારનો ચાલક અને અન્ય ત્રણ શખ્સો ખેતરમાં કાર રેઢી મુકી નાસી ગયા હતા પોલીસે આ દીલધડક ઓપરેશન પાર પાડી અપહૃત સત્યનારાયણભાઈ સોનીને હેમખેમ બચાવી લઈ અર્ટીકા કાર કબ્જે કરી અપહરણ કર્તાઓની શોધખોળ શરૂ કરી હતી તે દરમિયાન ક્રાઈમ બ્રાંચના પીઆઈ વાય બી જાડેજા, જે.વી.ધોળા અને પીએસઆઈ એન ડી ડામોર સહિતના સ્ટાફે ગોંડલ રોડ પર રસુલપરાના પાટીયા પાસેથી હિમાનસુ ઉર્ફે નુર પ્રભુ પરમાર રહે. ઠેબા જામનગર, ખુશાલ ઉર્ફે એમ એલ એ જગદીશ રાદડીયા રહે. જેતપુર, કાશી વિશ્વનાથ મંદિર પાસે અમરનગર રોડ, સુમીત શામજી સરવૈયા, રહે જામનગર આશાપુરા સોસાયટી અને પાર્થ ઉર્ફે ભોલુ પંકજ ભોજાણી રહે. કાલાવડ રોડ આંબેડકર નગર નામના ચારેય શખ્સોને દબોચી લઈ રાજસ્થાની પ્રૌઢ પાસેથી લુંટ ચલાવેલ મોબાઈલ અને ૧૫૦૦ પૈકી રૂા.૭૦૦નો મુદામાલ કબ્જે કરી કાર્યવાહી હાથ ધરી હતી.

# ન્યારી ડેમ ખાતે વિદ્યાર્થીનીઓને હથિયાર બતાવી મોબાઈલ લુંટનાર એન્જિનયર ઝબ્બે

## આરોપી મીકેનીકલ એન્જીનીયરની અભ્યાસ કરી મેટોડા ખાનગી કંપનીમાં નોકરી કરતો નોકરી છુટી જતા આર્થિક ભીંસને કારણે લુંટ કરી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલ લુંટના ગુન્હાનો ભેદ ક્રાઇમ બ્રાન્ચની ટીમ દ્વારા ઉકેલવામાં આવ્યો છે. આરોપીને આજીડેમ ચોકડીથી આગળ ભાવનગર રોડ ઉપર આવેલ એચ.પી.ના પેટ્રોલપંપ પાસેથી પકડી પાડી આગળની કાર્યવાહી અર્થે રાજકોટ શહેર તાલુકા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે. ગુન્હાની વિગત જોઇએ તો તાજેતરમાં કાલાવડ રોડ પર આવેલ ન્યારી ડેમ ખાતે નીચે ઉતરતા રસ્તા પર આવતા આ કામના આરોપીએ પોતા પાસે રહેલ સિલ્વર કલરની લાઇટર ગન ફરીયાદીને બતાવી, વિદ્યાર્થીનીઓને ડરાવી ધમકાવી મોબાઇલ ફોન નંગ-૩ કિ.રૂ. ૧,૭,૦૦૦ ની લુંટ કરી લઇ ગયેલ. બનેલ લુંટના ગુન્હાનો ભેદ ઉકેલવા સુચના અનુસાર ક્રાઇમ બ્રાન્ચની ટીમના માણસો ટેકનીકલ સોર્સીસ તેમજ અગાઉ આવા પ્રકારના ગુનાઓમાં સંડોવાયેલ શકમંદ ઇસમોને ચેક કરી હ્યુમન ઇન્ટેલિજન્સની મદદથી ગુનાનો ભેદ ઉકેલવા સતત પ્રયત્નશીલ હતા તે દરમ્યાન પોલીસ હેડક કોન્સ મયુરભાઇ મિયાત્રા તથા પો.કોન્સ. મુકેશભાઇ ડાંગરનાઓને મળેલ સંયુકત હકીકતના આધારે રાજાસિંગ કાલીચરણ ચૌહાણ જાતે- રાજપુત ઉ.વ ૨૫ રહે- હાલ નાનામવા સર્કલ, આર.એમ.સી. આવાસ યોજના ક્વાર્ટર, બ્લોક નં. ૭ ક્વા.નં ૫૭૨ ભાડેથી, રાજકોટ મૂળ રહે- આંબોલી ગામ, અમર એપાર્ટમેન્ટ, સપનાનગર, આંબોલી ચાર રસ્તા પાસે, તા. કામરેજ જી, સુરતને પકડી પાડવમાં આવ્યો હતો અને મોબાઇલ સહિતનો મુદામાલ કબ્જે કરાયો હતો. આ કામના આરોપીએ પોતે મીકેનીકલ એન્જીનીયરની અભ્યાસ કરેલ હોય અને છેલ્લા ચારે વર્ષથી મેટોડા, જી.આઇ.ડી.સી., રાજકોટ ખાતે પ્રાઇવેટ નોકરી કરતો હતો અને ગયા મહિને નોકરી ઉપરથી પૂરો થઇ જતા પોતે આર્થિક ભીંસમાં હોય જેથી પોતાને પૈસાની જરૂરત હોય પોતે અન્ય વ્યક્તિઓને કરાવી પૈસા કઢાવવાના હેતુથી આજથી આશરે દશેક દિવસ પહેલા ફલીપકાર્ટ ઉપરથી સિલ્વર કલરની લાઇટર ગન ખરીદ કરેલ ત્યાર બાદ ઉપરોક્ત ગુનાને અંજામ આપેલ હોવાની કબુલાત આપેલ છે.

# બર્મિંગહામ ખાતે યોજાયેલ 'ધ કોમનવેલ્થ ફૂડ ફ્યુચર કોન્ફરન્સ'માં મ્યુનિ. કમિશનર હાજરી આપશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

ધ ફૂડ ફાઉન્ડેશન, લંડન, બર્મિંગહામ સિટી કાઉન્સિલ અને યુ.કે. ગર્વમેન્ટ દ્વારા તા. ૨૮ જુલાઈ, ૨૦૨૨થી બર્મિંગહામ ખાતે યોજાયેલ 'ધ કોમનવેલ્થ ફૂડ ફ્યુચર કોન્ફરન્સ'માં રાજકોટ મહાનગરપાલિકાના કમિશનર અમિત અરોરા ભાગ લેશે. આ ઇન્ટરનેશનલ કોન્ફરન્સ માટે વિશ્વના કુલ ૨૦ શહેરોની પસંદગી કરવામાં આવેલ છે. જેમાં ભારતના રાજકોટ સહિત ૧૧ શહેરો સામેલ થયા છે.

ભારતના સ્માર્ટ સિટી મિશન, ભારત સરકાર દ્વારા 'ઇટ સ્માર્ટ સિટી ચેલેન્જ' યોજવામાં આવી હતી. જેમાં સ્માર્ટ સિટી અને સ્ટેટ કેપિટલ મળી કુલ ૧૦૮ શહેરો સામેલ થયા હતા, જેમાંથી પસંદ કરવામાં આવેલા ૧૧ શહેરોમાં રાજકોટ પણ સામેલ છે, જે રાજકોટ મહાનગરપાલિકા માટે ગૌરવની વાત છે.

# ખોટું સોનું મૂકી ગોલ્ડ લોન લેવાના ગુનામાં ત્રણ આરોપીઓની જામીન અરજી રદ્

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

શહેરમાં આવેલી સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં ખોટું સોનું મૂકી ગોલ્ડ લોન લેવાના ગુનામાં સંડોવાયેલા ત્રણ આરોપીની જામીન અરજી અદાલતે નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયામાં ખોટું સોનું મૂકી ગોલ્ડ લોન લેવાના ગુનામાં એ ડિવિઝન પોલીસે ૨૫ જેટલા આરોપીઓની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા તપાસ પૂર્ણ થતા પોલીસ દ્વારા કોર્ટમાં



એડવોકેટ: મુકેશભાઈ પીપળીયા

ચાર્જશીટ કરવામાં આવ્યું હતું. જે ગુનામાં સંડોવાયેલા આરોપી ડાયા ભવાનભાઈ વાઘેલા, જગદીશ વિનુભાઈ વાઘેલા અને ચંદ્રકાંત રતિલાલ સોલંકીએ જામીન મુકત થવા સેશન્સ કોર્ટમાં જામીન અરજી કરી હતી. જે જામીન અરજી ચાલવા પર આવતા સેશન્સ જજ પી.કે. લોટીયાએ બંને પક્ષની રજૂઆતો બાદ સરકાર પક્ષે રોકાયેલા સરકારી વકીલ મુકેશ પીપળીયાની દલીલો ગ્રાહ્ય રાખી ત્રણેય આરોપીઓની જામીન અરજી નામંજૂર કરતો હુકમ કર્યો છે.

આ કેસમાં સરકાર તરફે એપીપી મુકેશભાઈ પીપળીયા રોકાયા હતા.

# ગેરકાયદે ગર્ભપરીક્ષણ કેસમાં આરોપી ડોકટર દોષમુક્ત

## પોલીસ ગર્ભપરીક્ષણ કાયદા હેઠળ એફ.આઈ.આર. દાખલ કરી તપાસ જ ન કરી શકે તેવી એડવોકેટ તુષાર ગોકાણીની દલીલી અદાલતે માન્ય રાખી



એડવોકેટ: તુષાર ગોકાણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

શહેરમાં ચકચાર મચાવનાર ગેરકાયદેસર ગર્ભ પરીક્ષણ કરતા રંગે હાથ પકડાયેલા ડોકટર સામે પોલીસે કરેલ FIR, પોલીસની તપાસ તથા ચાર્જશીટને સેશન્સ અદાલતે ગેરકાયદેસર ઠરાવતા પોલીસની કાર્ય પધ્ધતિ સામે તથા કાયદાની સમજ સામે ગંભીર સવાલો ઉભા થયા છે.

આ કેસની હકીકત એવી છે કે, શહેરના બી.ટી.સવાણી હોસ્પિટલ પાછળ આવેલી શિવશકિત કોલોની બ્લોક નં. ૨૦૪ વાળા ઓમ મકાનમાં ગેરકાયદે ગર્ભ પરીક્ષણમાં યુની. પોલીસે દરોડો પાડવામાં આવ્યો છે. દરોડાના સ્થળેથી ડોકટર મકેશ ઘોઘાભાઈ ટોળીયા (ભરવાડ) અને ધોરાજી નો વતની અને અગાઉ નર્સિંગનો અને કમ્પાઉન્ડરનો લાંબો અનુભવી અવેશ રફીકભાઈ પીંજારા અને ગર્ભ પરીક્ષણ કરાવવા માટે મહિલા નયનાબેન ચેતનભાઈ નાગજીભાઈ વણીસીયા- (રહે. થાન,) સામે ગુનો નોંધી ત્રણેયને સંકજામાં લીધા હતા. તપાસમાં ખુલ્યા મુજબ ડો. મુકેશ ટોળીયા અને અવેશ પીંજારા પાસે ગાયનેકને લગતી મેડિકલ ડિગ્રી ન હોવા છતા થાનના નયનાબેનને ગર્ભ પરીક્ષણ માટે રાજકોટ બોલાવ્યા હતા. મહિલાએ પરીક્ષણ માટે રૂા. ૧૦ હજાર ફી નકકી કરી હતી જે ત્રણેયની ધરપકડ કરી વિશેષ તપાસમાં ગ્રાહકો શોધી આપવામાં મેટોડાની હોસ્પિટલની નર્સ જીજ્ઞા વીલભાઈ ઝાલા (રહે. સુત્રાપાડા) સંડોવણી ખુલતાં ચારેય ઈસમોની ધરપકડ કરી હતી. આરોપીઓ વિરૂધ્ધ મેજીસ્ટ્રેટ કોર્ટમાં ચાર્જશીટ રજુ કર્યું હતું.

મેજીસ્ટ્રેટ દ્વારા ચાર્જશીટનું સંશાન લઈ હાજર થવાનો હુકમ કરાતા આરોપી ડોકટર વતી એડવોકેટ તુષાર ગોકાણીએ અધિક સેશન્સ જજ સમક્ષ દલીલો કરતા જણાવેલ કે, આરોપીઓ સામે પોલીસ પોતે FIR કે તપાસ કરવા સક્ષમ નથી તેવું ધ્યાન ઉપર મુકવામાં આવેલ હોવા છતાં મેજીસ્ટ્રેટ આવા ચાર્જશીટનું સંજ્ઞાન ન લઈ શકે. ચાર્જશીટ જ ગેરકાયદે હોય ત્યારે આરોપીઓ સામે પોલીસે મુકેલ ચાર્જશીટ ઉપરથી મેજીસ્ટ્રેટ કરેલ કોગ્નીઝન્સ (સંજ્ઞાન) નો હુકમ મળતા ગેરકાયદેસર હોય રદબાતલ કરવા પાત્ર છે. ન્યાયપાલિકાની તથા ન્યાયીક પ્રક્રિયા સાથે સંકળાયેલ તમામની પવીત્ર ફરજ છે જે સંદર્ભે સર્વોચ્ચ અદાલતના વિવિધ ચૂકાદાઓ ટાંકી દલીલો કરી હતી.

તમામ પક્ષકારોની વિસ્તૃત દલીલોના અંતે અધિક સેશન્સ જજ દ્વારા આરોપીઓ તરફે થયેલી કાયદા મુજબની તર્કબધ્ધ દલીલોમાં વજદ હોવાન ઠરાવી મેજીસ્ટ્રેટ દ્વારા પોલીસના ચાર્જશીટના આધારે જે કાર્યવાહી કરવામાં આવી છે. સર્વોચ્ચ અદાલતે આપેલ ચુકાદાના તારણો કેસને સીધા લાગુ પડતા હોવાથી મેજીસ્ટ્રેટનો હુકમ રદબાતલ કરતા ડોકટર સહિતના આરોપીઓ દોષમુકત કર્યો છે.આ કામમાં આરોપી ડોકટર તથા સ્ટાફ તરફે જાણીતા એડવોકેટ તુષાર ગોકાણી, રીપન ગોકાણી, કેવલ પટેલ, હાર્દિક શેઠ, ઉઝેર કરેશી, જશપાલસિંહ જાડેજા, યશ વૈષ્ણવ, ઈશાન ભટ્ટ, વિરમ ધ્રાંગીયા, નદીમ ધંધુકીયા રોકાયેલ હતા.

# વોર્ડ નં.૧૭માં આવેલ સ્વ. હરીભાઈ ઘવા આરોગ્ય કેન્દ્રને નવા બાંધકામ સાથેની મંજુરી મળી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

શહેરના કોઠારીયા રોડ વોર્ડ નં.૧૭માં સ્વ. હરીભાઈ ઘવા આરોગ્ય કેન્દ્ર બિસ્માર-જર્જરિત હાલતમાં હોય તે આરોગ્ય કેન્દ્ર પાડી નવું આરોગ્ય કેન્દ્ર બનાવા મંજુરીને મોર લાગી છે. ત્યારે અહીં આ વોર્ડ નં. ૧૭માં સ્વ. હરીભાઈ ઘવા આરોગ્ય કેન્દ્ર નવા બાંધકામ સાથે કોઠારીયા મેઈન રોડ પ્રાથમિક શાળા નં.૬૧ પાસે બનશે. તે વોર્ડની પ્રજાને નવું કેન્દ્ર મળશે. આ કેન્દ્ર રૂ. ૧.૪૦ કરોડના ખર્ચે બનશે. લોકોમાં ઉત્સાહીની લાગણી જોવા મળેલ. વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર રાજકોટ મહાનગરપાલિકાના શાસકપક્ષ નેતા વિનુભાઈ ઘવાની રજૂઆતને સફળતા મળી છે સાથે વોર્ડ નં.૧૭ના કોર્પોરેટર રવજીભાઈ મકવાણા, કીર્તીબા રાણાની અને વોર્ડ નં.૧૭ના ભાજપના સંગઠનના સહયોગીએ પણ રજૂઆત આવેલ. તેમ યાદીમાં જણાવ્યું છે. (૧૩)

# કોન્ટ્રાકટ સીસ્ટમ સદંતર નાબુદ કરવા માંગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

આજે અસંગઠીત કામદાર અને કર્મચારી કોંગ્રેસ રાજકોટના ચેરમેન મિલીન્દભાઈ પરમારની આગેવાનીમાં રાજકોટ કલેકટરને આવેદન પત્ર આપવામાં આવ્યું. જેમાં માંગ કરવામાં આવી કે, બધા અસંગઠીત કામદારોને ન્યુનતમ પગાર મળે, આઉટ સોર્સિંગથી બહાલ કરવામાં આવેલ તમામ કામદારોને કાયમી કરવામાં આવે અને કોન્ટ્રાકટ સીસ્ટમ સદંતર નાબુદ કરવામાં આવે એવી માંગણી કરવામાં આવી. આ કાર્યક્રમમાં અસંગઠીત કામદાર અને કર્મચારી કોંગ્રેસ સૌરાષ્ટ્ર કચ્છના કોઓર્ડિનેટર મહેશભાઈ પાસવાન અને હિતેષ સોલંકી, રિલેશ પરમાર, ગોવિંદ ચૌહાણ તેમજ સુનીલ ચૌહાણ, રવજી પરમાર, પાર્થ ધામેલીયા અને દિક્ષિત પરમાર હાજર રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# રૂ.૫ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કરતી ગોંડલ કોર્ટ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

ગોંડલ કોર્ટ દ્વારા રૂ.૫ લાખના ચેક રિટર્ન કેસમાં આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની હકીકત મુજબ ગોંડલ તાલુકાના સુલતાનપુર ગામના ગોપાલભાઈ મગનભાઈ ભુવાએ સુરત રહેતા પોતાના કૌટુંબિક સંબંધી પંકજભાઈ પ્રનસુખભાઈ ભીમાણીને ધંધાકીય ઉપયોગ માટે રૂ.૫ લાખ હાથ ઉછીના આપ્યા હતા. જે રકમની ચુકવણી માટે પંકજભાઈ ભીમણીએ આપેલો ચેક પરત ફરતા ફરિયાદીએ ગોંડલ કોર્ટમાં નેગોશીયેબલ એક્ટ મુજબ આરોપી સામે ફરિયાદ દાખલ કરી હતી. જે કેસ ચાલવા ઉપર આવતા આરોપીના વકીલે કરેલી રજૂઆતો ગ્રાહ્ય રાખી આરોપીને નિર્દોષ છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસ આરોપી વર્લ્ડ એડવોકેટ તરી ગૌતમ છે. ચાવલ, ખસી કા, પદિક વાણી, મન દેવાસીયા તથા રાજેશ દંભીયા રોકાયેલ હતા. (૧૩)











### ગુણવંતભાઈ ડેલાવાળા પરિવારના આંગણે

# વિવિધ ફૂલોથી સજાવટ હિંડોળાના ભવ્ય મનોરથની ઉજવણી કરાઈ





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળાના પરિવાર તરફથી ગત તા.૨૪ રવિવારના રોજ તેમના પરિવારને આંગણે વિવિધ ફૂલોથી સજાવટ ભવ્ય હિંડોળાના મનોરથ યોજાયેલ આ પ્રસંગે ગુણવંતભાઈ ડેલાવાળાના પરિવારના ૬ ભાઈઓનો સમ્રગ પરિવાર મનોરથમાં ખાસ હાજર રહેલ આ પ્રસંગે પૂજ્ય પુ.પા.ગૌસ્વામી વ્રજરાજજી મહોદય ખાસ ઉપસ્થિત રહેલ અને તેમના હસ્તે હિંડોળા જૂલાવેલ અને આરતી બાવાશ્રીએ કરેલ આ મનોરથમાં રાજકોટના શ્રેષ્ઠીઓ વજૂભાઈ વાળા, ડો.ભરતભાઈ બોઘરા, ગોવિંદભાઈ પટેલ, કમલેશભાઈ મિરાણી, ભૂપતભાઈ બોદર, નીતિનભાઈ ભારદ્વાજ, ડો. દર્શીતાબેન શાહ, મૌલેશભાઈ પટેલ, ખોડીદાસભાઈ પટેલ, જીતુભાઈ ચંદારાણા, રાકેશભાઈ પોપટ, રાકેશભાઈ દેસાઈ, ડો.પારસભાઈ શાહ, કાળુભાઈ ફૂલવાળા, ચમનભાઈ લોઢીયા, હસમુખભાઈ ડેલાવાળા, ડો. ચંદાબેન શાહ, તેમજ પૂજારા ટેલિકોમના યોગેશભાઈ પૂજારાના પરિવારજનો ઉપસ્થિત રહેલ મનોરથની સાથે કિર્તનની જમાવટ રાજકોટની બાલકૃષ્ણ હવેલીના કિર્તન કારો ખાસ ઉપસ્થિત રહેલ તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)






CMYK

# અનઅધિકૃત લખાણ કરનાર સામે ટ્રાફીક પોલીસની લાલઆંખ

## તંત્રી સ્થાનેથી...

### રાજકોટ જિલ્લામાં ૯૭ ટકા જેટલા વિસ્તારમાં ખરીફ પાકનું વાવેતર નોંધાયું

સામાન્ય રીતે મે મહિનામાં ખેડૂતો ખરીફ પાક વાવવાની શરૂઆત કરતા હોય છે. જેનો મુખ્ય આધાર વરસાદ પર રહેલો છે. હાલ, રાજ્યના દરેક જિલ્લામાં સારા પ્રમાણમાં વરસાદ થયો હોવાથી રાજકોટ જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી એ.એલ.સોજીત્રાના જણાવ્યા અનુસાર ૧૧ તાલુકામાં આશરે ૫,૩૭,૯૯૬ હેક્ટર પૈકી કુલ ૫,૨૧,૯૪૨ હેક્ટર વિસ્તારમાં ખરીફ પાકોનું વાવેતર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત ડાંગર, બાજરી, જુવાર, મકાઈ, તુવેર, મગ, અડદ, મગફળી, તલ, દિવેલા, સોયાબીન, કપાસ (પિયત), તમાકું, ગુવાર, શાકભાજી અને ઘાસચારો જેવા અનેક ખરીફ પાકોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

રાજકોટ જિલ્લાના ધોરાજી તાલુકામાં કુલ ૩૯૨૪૬ હેક્ટર, ગોંડલ તાલુકામાં ૮૯૨૬૮, જામકંડોરણામાં ૩૭૮૩૦,જસદણમાં ૫૯૪૦૧, જેતપુરમાં ૪૯૯૦૦, કોટડાસાંગાણીમાં ૩૧૮૬૫, લોધીકામાં ૨૩૯૫૦, પડધરીમાં ૩૮૯૨૨, રાજકોટમાં ૬૪૦૯૯, ઉપલેટામાં ૫૫૩૭૫ અને વિંછીયામાં કુલ ૩૨૭૪૪ હેક્ટરનું વાવેતર કરવામાં આવ્યું છે. જે અંતર્ગત મગફળીનું ૨૪૨૨૧૧ અને કપાસનું ૨૩૨૮૧૬ અન્ય ખરીફ પાકોની સરખામણીએ વધુ વાવેતર નોંધાયું છે. જયારે રાજકોટ જિલ્લામાં આશરે ૯૭ ટકા ખરીફ પાકનું વાવેતર નોંધાયું છે.

### મંદીથી કંટાળી યુવકે ફિનાઇલ પીધુ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૭

રાજકોટ ગોંડલ હાઇવે પર શાપરના પારડી ગામે રહેતાં અને ટ્રકમાં ક્લીનર તરીકે કામ કરતાં યુવકે રાજકોટમાં સોરઠીયા વાડી સર્કલ પાસેના બગીચામાં ફિનાઇલ પી લેતાં સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવતાં હોસ્પિટલ ચોકીના સ્ટાફે ભક્તિનગર પોલીસને જાણ કરી હતી. અકબરશાને સંતાનમાં એક પુત્ર અને એક પુત્રી છે. તે રાજકોટમાં ટ્રકમાં મજુરી કરવા આવે છે. કેટલાક દિવસોથી કામધંધામાં મંદી આવી હોઇ કંટાળી ગયાનું તેણે સ્વજનને જણાવ્યું હતું. હાલ પોલીસે નિવેદન નોંધી કાર્યવાહી હાથ ધરી છે.






## પોલીસ કમિશનર કચેરી અંદર પાર્કિંગમાં લખાણ દૂર કરવામાં આવ્યા


### સ્પેશિયલ ડ્રાઈવમાં એચએસઆરપી વગરની નંબર પ્લેટ ધરાવતા વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવ્યા

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૭

રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા આજે ફરી ઝુંબેશ ચલાવી પોલીસ કમિશનર ઓફિસ તેમજ પોલીસ કમિશનર ઓફિસની બહાર વાહનોમાં લખાયેલા અનઅધિકૃત લખાણો દૂર કરવામાં આવ્યા હતા સાથે જ મોટરકારમાં કાળા કાચ દૂર કરવા તેમજ એચએસઆરપી નંબર પ્લેટ ન હોય તેવા વાહનચાલકોને દંડ ફટકારવામાં આવી રહ્યા છે. ગુજરાત રાજ્યમાં ખાનગી વાહનો પર લખવામાં આવેલ અનઅધિકૃત લખાણો દૂર કરવા વાહન વ્યવહાર વિભાગ દ્વારા પરીપત્ર જાહેર કરવામાં આવ્યો છે. જેને લઈ આજ રોજ રાજકોટ શહેર ટ્રાફિક પોલીસ દ્વારા પોલીસ કમિશનર કચેરી અંદર પાર્કિંગમાં પાર્ક કરાયેલ પોલીસના વાહનોમાંથી પોલીસ કે કોઇપણ ધર્મ આધારીત જ્ઞાતિ જાતિ ઓળખ દર્શાવતા લખાણ લખેલ હોય તો તેને દૂર કરવામાં આવ્યા હતા. આ સાથે અન્ય ટ્રાફિકના જવાનો પોલીસ કમિશનર કચેરી બહાર વાહનચાલકોને અટકાવી તેમના વાહનો પરથી પોલીસ, પ્રેસ, એડવોકેટ, ડોક્ટર, ગવરમેન્ટ ઓફ ગુજરાત, ગવર્નમેન્ટ ઓફ ઇન્ડિયા અને જ્ઞાતિ આધારિત લખાણો દૂર કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે પોલીસે આજની આ સ્પેશિયલ ડ્રાઈવમાં એચએસઆરપી વગરની નંબર પ્લેટ ધરાવતા વાહન ચાલકોને દંડ ફટકારવામાં આવ્યા હતા અને સાથે મોટર કારમાં કાળ. કાચ હોય તો તે દૂર કરવા કામગીરી કરવામાં આવી હતી..

## પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ સાથે પિનાકી મેઘાણીની લાગણીસભર મુલાકાત



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ, તા.૨૭

રાજકોટ શહેર પોલીસ કમિશનર રાજુ ભાર્ગવ (આઈપીએસ) સાથે રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીની લાગણીસભર મુલાકાત થઈ હતી. છેલ્લા ૪૦ વર્ષથી ખાદી-ગ્રામોદ્યોગ-રચનાત્મક ક્ષેત્ર સાથે સંકળાયેલાં ભારત સરકારના ખાદી અને ગ્રામોદ્યોગ આયોગ (કેવીઆઈસી)ની સેન્ટ્રલ ખાદી માર્ક કમિટી તથા ભાલ નળ કાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળના ચેરમેન, લોકસેવક, ખેડૂત આગેવાન, જગતાત ફલજીભાઈ રાહાભાઈ ડાભીના પૌત્ર ગોવિંદસિંહ દાજીભાઈ ડાભીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. રાજકોટ શહેરના સંનિષ્ઠ, સાહિત્ય-સંસ્કૃતિ-પ્રેમી પોલીસ કમિશનર રાજુ ભાર્ગવનો સરળ અને સાલસ સ્વભાવ સ્પર્શી ગયો હતો. વિશ્વભરમાં વસતાં ગુજરાતીઓ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પ્રેરણાદાયી જીવન-કવનમાંથી પ્રેરિત થાય છે. સાહિત્ય, લોકસાહિત્ય, પત્રકારત્વ તેમ જ આઝાદીની લડતમાં તેમનું અનન્ય અને મહામૂલું પ્રદાન ક્યારેય વિસરાશે નહીં તેમ રાજુ ભાર્ગવએ લાગણીભેર અંજલિ અર્પી હતી. ઝવેરચંદ મેઘાણીની કર્મભૂમિ રાણપુર સ્થિત લોકસંત, ક્રાંતિકારી જૈન મુનિશ્રી સંતબાલજીની પ્રેરણાથી ૧૯૫૮માં સ્થાપિત અને આર્થિક-સામાજિક વંચિત સમાજની બહેનોને સ્વરોજગારી પૂરી પાડતી ગુજરાતની એકમાત્ર ઊની ખાદી સંસ્થા ભાલ નળકાંઠા ખાદી ગ્રામોદ્યોગ મંડળ દ્વારા ઉત્પાદિત હાથ-વણાટ, હાથ-બનાવટની આકર્ષક શાલથી ગોવિંદસિંહ ડાભીએ અભિવાદન કર્યું હતું. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

**વાચકોએ નોંધ લેવી**

**કે કોઇપણ જાહેર ખબરમાં જણાવેલી માહિતીની સત્યતા બાબતે અમો કોઇ બાહેંધરી આપતા નથી. વાચકોએ પોતાની રીતે પુરતી ચકાસણી કરીને યોગ્ય નિર્ણય લેવાનો રહેશે.**

**વ્યવસ્થાપક: સૌરાષ્ટ્ર ક્રાંતી**

## ૧૦ વર્ષથી કિલનિક ચલાવતો બોગસ ડોકટર ઝડપાયો

### કમ્પાઉન્ડરનો અનુભવ લઇ ગામડામાં ફેરીથી શરૂઆત કરી હતી



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૭

રાજકોટ શહેર એસઓજી પોલીસે વધુ એક બોગસ ડોક્ટરની ધરપકડ કરી છે. રેલનગર વિસ્તારમાં સંતોષીનગર મેઇન રોડ પર આવેલા દવાખાનામાં નકલી ડોક્ટર પ્રેક્ટિસ કરે છે તેવી બાતમી મળતાં દરોડો પાડવામાં આવ્યો હતો. ત્યાં ડોક્ટર તરીકે બેઠેલા વૃદ્ધની પૂછપરછ થતાં પોતાનું નામ રમણિક છગનભાઇ જોટાંગીયા જણાવ્યું હતું. પોલીસે મેડિકલ પ્રેક્ટિસની ડિગ્રી માગતાં તેણે નહીં હોવાનું કહેતાં ગુનો નોંધી ધરપકડ કરી દવા, સાધનો મળી રૂ. ૨૮૧૦નો મુદ્દામાલ કબ્જે કરી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસની પૂછપરછમાં રમણિક જોટાંગીયાએ કબુલ્યું હતું કે, વર્ષો પહેલા પોતે ડો. માફ્રને ત્યાં કમ્પાઉન્ડર હતાં તેના આધારે બાદમાં ગામડાઓમાં ડોક્ટર બનીને ફેરી ચાલુ કરી હતી. એ પછી દસેક વર્ષ સુધી રૈયાધારમાં દવાખાનુ ચલાવ્યું હતું. ત્યારબાદ છેલ્લા દસેક વર્ષથી સંતોષીનગરમાં દવાખાનુ ખોલીને બેઠા હતા.

## જંગવડની સીમમાંથી બંદૂક સાથે એક ઝડપાયો

### આટકોટ પોલીસે રૂ. ૧૦ હજારની દેશી બનાવટની પીસ્ટલ, પલ્સર બાઇક, મોબાઈલ ફોન મળી રૂ. ૩૬ હજારનો મુદ્દામાલ કબ્જે કરાયો



(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા. ૨૭

જિલ્લાના જંગવડ ગામની સીમમાં ગુંદાળા ગામ તરફ જવાના રસ્તેથી દેશી બનાવટની પીસ્ટલ સાથે આટકોટ પોલીસે લક્ષ્મણ કેદરસિંહ ડાવર (ભીલ) (ઉ.વ.૨૭)ને ઝડપી લઇ એક પલ્સર બાઇક, મોબાઈલ ફોન મળી રૂા. ૩૬,૫૦૦નો મુદ્દામાલ કબ્જે કરી ગુનો દાખલ કર્યો હતો.

મળતી વિગત મુજબ આટકોટ પોલીસ મથકના પીએસઆઈ કે.પી. મેતાની રાહબરીમાં એએસઆઈ વિજયભાઈ ચાવડા, હેડ કોન્સ્ટેબલ નિલેશભાઈ ચાવડા, દશરથભાઈ કાકડીયા, કોન્સ્ટેબલ જયરાજભાઈ સોનારા, દિનેશભાઇ બાવળીયા, સંજયભાઈ પરમાર અને સુરેશકુમાર ઝાપડીયા સહિતનો સ્ટાફ પેટ્રોલિંગમાં હતો.

તે દરમિયાન વિજયભાઈ ચાવડા, નિલેશભાઈ ચાવડા અને જયરાજભાઈ સોનારાને બાતમી મળતા જંગવડ ગામની સીમમાં વોચ ગોઠવી હતી. ત્યારે સાંજે સાડા સાતેક વાગ્યે એમ.પી. ૪૫ એમએમ ૦૭૬૩ નંબરના બાઈક પર નિકળેલા લક્ષ્મણ ભીલને અટકાવી તપાસતા તેની પાસેથી ૧૦ હજારની કિંમતની દેશી બનાવટની પીસ્ટલ મળી આવી હતી. જેથી તેની અટકાયત કરી આટકોટ પોલીસ મથકે ગુનો દાખલ કરી પુછપરછ હાથ ધરાતા લક્ષ્મણ મૂળ મધ્યપ્રદેશના અલીરાજપુર જિલ્લાના પાનગોલ ગામનો વતની હોવાનું અને અહીં જસદણના જંગવડ ગામની હડીયા સીમમાં અમરશી બાલુ નારોલાની વાડીમાં ખેતમજુરી કરતો હોવાનું જણાવ્યું હતું.

બંદુક ક્યાંથી લાવ્યો તેવા સવાલના જવાબમાં આરોપીએ જણાવેલ કે, તેમના જ વતનનો એક મિત્ર મધ્યપ્રદેશથી આવ્યો હોય, તે મિત્ર પોતાની સાથે આ હથિયાર લાવ્યો હતો અને ૧૫-૨૦ દિવસ પહેલા તે વતન ગયો હતો ત્યારે હથિયાર સાચવવા આપી ગયો હતો અને પરત આવી લઇ જશે તેમ કહીને વતન જતો રહ્યો હતો. હાલ પોલીસે લક્ષ્મણની ધરપકડ કરી હથિયાર આપી જનાર મિત્રની શોધખોળ હાથ ધરી છે.

## રાજકોટ ક્રાઈમ

### મવડીમાં ફ્લેટમાં જુગાર રમતી ૧૧ મહિલા ઝડપાઈ

રાજકોટ : મવડી -પાળ રોડ પર કે.કે. રેસીડન્સી શેરી નંબર-૩માં સ્થાપત્ય-૧ એપાર્ટમેન્ટની બી વીંગમાં ફ્લેટ નંબર-૨૦૧માં રહેતા સોનલબેન કમલેશભાઈ ગોસ્વામીને ત્યાં તાલુકા પોલીસે દરોડો પાડી જુગાર રમતા કુલ ૧૧ મહિલાઓને ઝડપી લીધી હતી. ચોક્કસ બાતમીનાં આધારે દરોડો પાડી પોલીસે જુગાર રમતાં ફ્લેટ-ધારક સોનલબેન ઉપરાંત જયોતીબેન ધર્મેશભાઈ દાવડા, જોશનાબેન રજનીભાઈ મણવર, દક્ષાબેન પ્રદીપભાઈ ભુત, પૂજાબેન યોગેશભાઈ મકવાણા, વિણાબેન રસીકભાઈ ગોંડલીયા, ગીતાબેન ડાયાભાઈ બારૈયા, ચેતનાબેન પરીમલભાઈ ગોલ, પીન્ટુબેન રૂપેશભાઈ ગાજીપરા, કીરણબેન મુકેશભાઈ ઠુંમર અને સરલાબેન મહેન્દ્રભાઈ રાઠોડને ઝડપી લઈ પટમાંથી રૂા. ૩૭ હજારની રોકડ કબ્જે કરી હતી.

જયારે ગાંધીગ્રામ પોલીસે ગાંધીગ્રામ લાખના બંગલા પાસે પ્રજાપતિની વાડી સામે રહેતા ભરતભાઈ નરશીભાઈ સોનગરાના મકાનમાં દરોડો પાડી જુગાર રમતાં અશ્વિન ગોવીંદભાઈ ચૌહાણ, રમેશ હીરાલાલ પરમાર અને રાજુ હિરાભાઈ ગોહીલને રૂા. ૪૧૫૦ની રોકડ સાથે ઝડપી લીધા હતા.

### બીમારીથી કંટાળી ત્રણ સંતાનોના પિતાનો આપઘાત

રાજકોટ : શહેરના માંડાડુંગર નજીક ભીમરાવનગરમાં રહેતા જેન્તીભાઈ બાબુભાઈ મેર (ઉ.વ.૪૦) નામના યુવાને બપોરે છતના હુકમાં દોરી બાંધી ફાંસો ખાઈ આપઘાત કરી લેતા આજી ડેમ પોલીસ મથકના એએસઆઈ એસ એસ ગોસાઈ સહિતનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં બીમારીથી કંટાળી આ પગલું ભર્યું હોવાનું જાણવા મળ્યું છે જેન્તીભાઈના મોતથી બે પુત્ર અને એક પુત્રીએ પિતાનું છત્ર ગુમાવ્યું છે.

### રાજકોટ જિલ્લામાં દેશી દારૂની ડ્રાઈવ, ૪૬ કેસો કરાયા

રાજકોટ : મંગળવાર બોટાદમાં થયેલા લઠ્ઠાકાંડના કારણે રેલો આવતા આજે રાજકોટ જિલ્લા પોલીસે પણ દારૂ અંગે સ્પેશિયલ ડ્રાઈવ યોજી હતી. જેમાં અલગ-અલગ ટીમો બનાવી દેશી દારૂના ગુનામાં અગાઉ પકડાયેલા આરોપીઓ અને બુટલેગરો ઉપર કાર્યવાહી કરી હતી. જેમાં છેલ્લા ૨૪ કલાકમાં વેરાવળ જીઆઈડીસીમાંથી ૧૨ જ્યારે અન્ય પોલીસ સ્ટેશનોમાંથી ૩૪ મળી જિલ્લામાં કુલ ૪૬ કેસો કર્યા હતા. આ ઉપરાંત ૨૬૩ લિટર દેશી દારૂ, ૧૮૪૦ લિટર આથો કબજે કર્યો હતો. બીજી તરફ જિલ્લાના ૧૮૭ બુટલેગરને ચેક કરવાની કાર્યવાહી કરી હતી.

### પેરોલ રજા પરથી ફરાર હત્યાનો આરોપી ઝડપાયો

રાજકોટ : મંગળવાર સુરેન્દ્રનગરના મૂળી પોલીસ મથકના ખુનના ગુનામાં સુરેન્દ્રનગર જેલમાં રહેલો જયપાલસિંહ બાઘુભા પરમાર (ઉં.વ. ૩૭, રહે.ગૌતમગઢ, તા.મૂળી, હાલ સિદ્ધાર્થ ગોલ્ડ એપાર્ટમેન્ટ, સાધુ વાસવાણી રોડ, રાજકોટ) એકાદ વર્ષથી પેરોલ રજા પરથી નાસતો ફરતો હોય જેને પેરોલ ફર્લો સ્કવોર્ડે બાતમીના આધારે પકડી સુરેન્દ્રનગર જેલમાં સોંપવા તજવીજ હાથ ધરી છે.

### મુંજકાની હોસ્ટેલમાં ૧ લાખનો ફોન ચોરાયો

રાજકોટ: મુંજકામાં આવેલી એક હોસ્ટેલ અને રૂમમાંથી દસેક છાત્રોના ૧૦ મોબાઈલ ચોરાયાની ફરિયાદ નોંધાઈ હતી. ત્યારે હવે મુંજકામાં જ આવેલી જીવન હોસ્ટેલમાં રહેતાં છાત્રનો રૂા.૧ હજારનો મોબાઈલ તસ્કરો ચોરી જતા પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે. અન્ય બનાવમાં યાજ્ઞિક રોડ પર માલવિયા ચોક પાસે તનિષ્ક એપાર્ટમેન્ટમાં રહેતા અનેસોની કામ કરતા પ્રકાશભાઈ વૈષ્ણવ ગઈ તા.૧૨/૬/૨૨નાં કાલાવડ રોડ સ્વામી નારાયણ મંદિરે દર્શન કરવા ગયા બાદ નજીકમાં પ્રેમવતી નાસ્તા હાઉસમાં નાસ્તો કરવા ગયા હતા. નાસ્તો કર્યા બાદ આશરે પંદર મિનિટ પછી તેણે પોતાના ઝભ્ભામાં રહેલો મોબાઈલ જોતા તે મળી આવ્યો ન હતો. કોઈએ ઝભ્ભાના ખિસ્સામાંથી મોબાઈલ ચોરી કરી લીધાનું જાણવા મળતા ગાંધીગ્રામ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે તેના પુત્ર સિદ્ધાર્થ (ઉં.વ.૨૩)ની ફરિયાદ પરથી અજાણ્યા શખ્સ સામે ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

### બર્થ-ડે કૈક ઉડાડવાના મુદ્દે સરાજાહેર છરીથી હુમલો

રાજકોટ : કાલાવડ રોડ પરના કોટેચા ચોકમાં આવેલી પાનની દુકાન પાસે ગઈકાલે મોડી રાત્રે બર્થડે કેક ઉડાડવાના પ્રશ્ને ત્રણ શખ્સોએ બે યુવાનોને છરી અને ધારદાર હથીયારથી હુમલા કરતા ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. ગાંધીગ્રામ પોલીસે ગુનો નોંધી આરોપીઓની ધરપકડ માટે તજવીજ હાથ ધરી છે. છરી કાઢી તેમાંથી એક ઘા જમણા હાથની બગલની નીચેનાં ભાગે ઝીંકી દીધો હતો. જેથી મીત્ર અજયે તેને ત્યાંથી લઈ જતાં રીયાઝ છરી લઈ પાછળ દોડયો હતો. આ ઉપરાંત વિપુલભાઈને પણ વાંસા અને ડાબા પડખા પર ધારદાર હથીયારનાં ઘા ઝીંકી દીધા હતાં. ત્યારબાદ બન્નેને ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતાં. જયાં જઈ ગાંધીગ્રામ પોલીસે ફરીયાદ નોંધી હતી. આ સમગ્ર ઘટનાને પગલે સ્થળ પર નાસભાગ અને ભય વ્યાપી ગયો હતો.

### સરકારી બંગલામાં ૧.૬૫ લાખની ચોરી

રાજકોટ : કોઠી કમ્પાઉન્ડ બંગલા નં.૩૩માં રહેતા રેલવેના ડિવિઝનલ એન્જિનિયર પલાસભાઇ અનિલભાઇ પગારિયાએ નોંધાવેલી ફરિયાદ મુજબ, તેઓ સરકારી બંગલામાં ૧૪ મહિનાથી રહે છે. ગત તા.૨૩ના રોજ પત્ની સાથે ઉદયપુર ગયા હતા. બીજા દિવસે ઓફિસમાં ફરજ બજાવતા મિત્રનો ફોન આવ્યો કે, તમારા બંગલાનો દરવાજો ખુલ્લો છે. જેથી બંગલાની અંદર જઇ વીડિયો કોલ કરવા કહ્યું હતું. વીડિયો કોલમાં ઘરની અંદર તમામ ચીજ-વસ્તુઓ વેરણછેરણ જોવા મળી હતી. બાદમાં મંગળવારે સવારે રાજકોટ પરત ફર્યા હતા. ઘરમાં તપાસ કરતા રૂ.૧.૩૫ લાખ રોકડા અને ૩૦ હજારની કિંમતના ઘરેણાં મળી કુલ રૂ.૧.૬૫ લાખની મતા ચોરાઇ હોવાનું જાણવા મળ્યું હતું.

## કારખાનેદાર સહિત ૪૬૦ સભ્યો સાથે ઓનલાઇન બનાવટી કંપનીમાં રોકાણ કરાવડાવી રૂા.૧ કરોડની છેતરપીંડી

### સી.આઇ.ડી.માં ક્રાઈમમાં રાજકોટના બે સહિત પાંચ સામે ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૭

રાજકોટમાં રહેતા કારખાનેદાર અને તેના પરિવારજનો સહિત આશરે સાડા ચારસો લોકો સાથે ધી ટ્રેડલોર્ડ એલ.એલ.સી. નામની બનાવટી ઓનલાઇન કંપનીમાં રોકાણ કરવાથી દરરોજ ૧ ટકા લેખે વ્યાજ મળશે. તેવી લાલચ આપી એક કરોડની ઠગાઇ કર્યાની રાજકોટ સી.આઇ.ડી. ક્રાઇમમાં ફરિયાદ નોંધાઇ છે. આ અંગે પુનિત સોસાયટી પાછળ અવલ પાર્કમાં રવી હાઇટ્સમાં રહેતાં અને સમ્રાટ ઇન્ડસ્ટ્રીયલ એરીયામાં ગોકુલધામ પાછળ ભાડેથી કારખાનું રાખી વાયર કર જોબવર્કનું કામ કરતા શ્યામભાઇ કાંતિલાલ ઠુમર (ઉં.વ. ૩૦)ની ફરિયાદ પરથી કંપની ઉપરાંત ધીરજસિંઘ રાજપાલ તખ્ખર, દિપકસિંઘ સુભાષચંદ, પ્રવિણસિંઘ ચૌધરી, અશોક ટપુ સોરઠીયા (રહે. ન્યુ સાગર સોસાયટી, ૪૦ ફુટ રોડ, કોઠારીયા રોડ) અને નવલસિંહ ગુમાનસિંહ ચુડાસમા (રહે. રઘુનંદન સોસાયટી, પોપટપરા મેઇન રોડ) સામે ઠગાઇ, ગુનાહિત કાવત્રુ રચવા સહિતની કલમ હેઠળ ગુનો દાખલ તપાસ હાથ ધરી છે. કારખાનેદાર શ્યામ ઠુંમરે પોલીસને જણાવ્યું કે, આરોપી ધીરજસિંઘ, દિપકસિંઘ અને પ્રવિણસિંઘે કાવત્રુ રચી ધી ટ્રેડ લોર્ડ એલ.એલ.સી. નામની બનાવટી ઓનલાઇન કંપની ચાલુ કરી હતી.




જેમાં આરોપી અશોક અને નવલસિંહ કંપનીના એજન્ટો હોવાનું કહી આ કંપનીમાં રોકાણ કરવાથી દર રોજ ૧ ટકા લેખે વ્યાજ મળશે. તેવી લાલચ આપી કારખાનેદાર, તેના પરિવારજનો સહિત આશરે ૪૬૦ લોકો પાસે રૂા. ૧,૦૧,૫૧,૯૮૧નું રોકાણ કરાડાવ્યા બાદ પાકતી મુદતે નાણાનું રોકાણ પરત ન આપી તા.૧૨ ૧૨-૨૦ થી કંપની ઓનલાઇન દેખાડવાની બંધ કરી દઇ છેતરપિંડી કરી હતી.

## સાસરિયાઓના ત્રાસથી કંટાળી પરિણીતાએ ફિનાઈલ પી લીધું

### પતિ સહિત પાંચ સાસરિયા સામે ત્રાસની ફરિયાદ

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ.તા.૨૭

રાજકોટમાં રહેતા પરિણીતાએ પતિ સહિતના પાંચ સાસરીયાઓ દ્વારા ત્રાસ ગુજારતા ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યાનો બનાવ પોલીસ ચોપડે નોંધાયો છે. આ અંગે રેલનગર સામે આસ્થા ચોકમાં રામેશ્વર પાર્કમાં રહેતા અવનીબેન મકવાણા (ઉ.વ.૨૧)એ પતિ શશિન, સાસુ ગીતાબેન, જેઠ રવિ, જેઠાણી ગોપીબેન (રહે. બધા હા.બો. ક્વાટર્સ, દુધસાગર રોડ) અને નણંદ રાધાબેન (રહે.માધાપર ચોકડી) સામે ત્રાસ ગુજાર્યાની મહિલા પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી જેમાં જણાવ્યું હતું કે તેના પતિને અન્ય યુવતી સાથે સંબંધ હોવાને કારણે તે અવાર-નવાર દારૂ પી ઝઘડા કરતો હતો. સાસુ કામ બાબતે મેણા ટોણા મારી ઝઘડા કરતા જેઠ પતિ સાથે ધંધા બાબતે અણબનાવ બનતા તેની સાથે બોલાચાલી કરી ઝઘડા કરતો હતો. નણંદ તેના પતિને ચઢામણી કરી સગા સંબંધીઓમાં તેના વિશે ખોટી વાતો કરતાં હોવાથી તેણે ફિનાઈલ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. હાલ મહિલા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ જારી રાખી છે.

## વિધિના નામે પૈસા ડબલ કરવાના બહાને રૂપિયા ૧૧ લાખની ઠગાઈ

### આંગડીયા પેઢીના કર્મચારી લાલચમાં આવી જતા રૂપિયા ગુમાવ્યાઃ મહિલા સહિત ચાર શખ્સો સામે બી-ડિવિઝન પોલીસમાં ગુનો

(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)

રાજકોટ,તા.૨૭

કુવાડવા રોડ પર રહેતા અને ગોંડલ રોડ પર આર. એસ. આંગડીયા પેઢીમાં છેલ્લા ૧૦ વર્ષથી નોકરી કરતા જોરુભા જીવાજીભાઈ દરબાર (ઉ.વ.૪૮) એક વર્ષ પહેલા તેની કાર લઇ પાટણ જીલ્લાના મેરવાડા ગામે ગયા હતા ત્યારે ભરતભાઈ નામના શખ્સનો ભેટો થઇ જતા તેને એકના ડબલ પૈસા કરવા હોય તો તેને એક માણસ વિધિ કરીને પૈસા ડબલ કરતો હોવાની વાત કરી હતી પરંતુ તેને મારે કંઈ આવું કરવું નથી તેમ કહી નીકળી ગયો હતો. ત્યારબાદ ભરતભાઈએ અવારનવાર તેને એક વખત મારો વિશ્વાસ કરો તેમ કહ્યું હોય તારીખ ૨૫ને સોમવારે તેનો ફોન આવ્યો હતો અને રાત્રીના ૧૧ વાગ્યે સાધ્વીજી સાથે વિધિ કરવા માટે ઘેર આવશે તેમ કહ્યું હતું.

દરમ્યાન તેને દવાખાનાના કામ માટે પૈસાની જરૂર હોય જોરુભાએ તેના શેઠ પાસેથી રૂ. ૧૧ લાખ લાવ્યા હતા તે ઘેર પડેલ હતા રાત્રીના ૧૧ વાગ્યે કારમાં ભરતભાઈ તથા તેની સાથે શાંતુજી એક અજાણી સ્ત્રી (સાધ્વી) અને કાર ચાલક સહિતનાઓ આવ્યા હતા અને વિધિની વાત કરતા તેને ઉપરના માળે બોલાવેલ જેમાં વિધિ કરવા માટે અમારા પરિવારજનોને બેસાડેલ જેમાં સાધ્વી અને શાંતુજીભાઈએ વિધિ માટે વચ્ચે પૈસા મુકવાનું કહ્યું હતું જેથી ઘરમાં પડેલા રૂ. ૧૧ લાખ વિધિમાં મુકયા હતા અને વિધિ કરવાનું શરૂ કર્યું હતું બાદમાં રાત્રીના ત્રણેક વાગ્યે વિધિ પૂરી થવા આવેલ છે જેથી તમે બાજુના રૂમમાં જતા રહો તેમ કહી તેને બાજુના રૂમમાં મૂકી બહારથી દરવાજો બંધ કરી દીધો હોય જેથી શંકા જતા દરવાજો ખોલવાની કોશિષ કરી હતી પરંતુ દરવાજો ખૂલેલ નહી બહાર નીકળી તપાસ કરતાં ટોળકી પૈસા લઇ નાસી ગઇ હોય ફરિયાદ નોંધાવતા બી-ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

## રાજકોટના જન્માષ્ટમીના લોકમેળા માટે કલેકટરના હસ્તે ૨૪૪ સ્ટોલ્સની ફાળવણી

# મોટી યાંત્રિક રાઈડ્સ માટે કાલે હરરાજી કરાશે

### રમકડા માટે ૧૭૮, નાની ખાણી પીણી–૧૪, મધ્યમ ચકરડી–૪, નાની ચકરડી ૨૮, નાની ચકરી–૨ માટે ૨૦ સ્ટોલ ફાળવાયા





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

રાજકોટના જન્માષ્ટમીના લોકમેળા માટે જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુના હસ્તે, આજે કમ્પ્યુટરાઇઝ્ડ સોફ્ટવેરના માધ્યમથી ડ્રો કરીને ૨૪૪ સ્ટોલ્સની ફાળવણી કરવામાં આવી છે. મેળા માટે પાંચ કેટેગરીમાં ૧૭૪૯ અરજીઓ આવી હતી. જેની સામે ૨૪૪ સ્ટોલ્સ ફાળવાયા છે. જ્યારે મોટી યાંત્રિક રાઇડ્સ માટે આવતીકાલે હરરાજી કરવામાં આવશે, તેમ જાહેર કરાયું હતું.

રાજકોટ લોકમેળા અમલીકરણ સમિતિના અધ્યક્ષ અને પ્રાંત અધિકારીની કચેરી ખાતે, કમ્પ્યુટરાઇઝ સોફ્ટવેરના માધ્યમથી સ્ટોલ્સની ફાળવણી માટેના ડ્રોનું આયોજન કરવામાં આવ્યું હતું. લોકમેળા સમિતિના અધ્યક્ષ જિલ્લા કલેક્ટર અરૂણ મહેશ બાબુ, નિવાસી અધિક કલેક્ટર કેતન ઠક્કર, પ્રાંત અધિકારી કે.જી. ચૌધરી, પ્રાંત અધિકારી ડો. સંદીપ વર્મા, ગ્રામીણ પ્રાંત અધિકારી વિરેન્દ્ર દેસાઈ સહિત જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ-કર્મચારીઓ, સ્ટોલ્સ માટે અરજી કરનારા અરજદારો, પત્રકારો વગેરેની હાજરીમાં કમ્પ્યુટરાઈઝ સોફ્ટવેરથી ડ્રો કરવામાં આવ્યો હતો.

લોકમેળામાં પાંચ કેટેગરીમાં સ્ટોલ્સની ફાળવણી કરવામાં આવી છે. સૌથી વધુ ૧૫૬૩ અરજીઓ રમકડાં માટેની બી-કેટેગરીમાં આવી હતી. જેમાં ૧૭૮ સ્ટોલ્સ ફાળવાયા છે. નાની ખાણીપીણી માટેની સી-કેટેગરીમાં ૭૭ અરજીઓ સામે ૧૪ સ્ટોલ્સ ફાળવાયા છે. મધ્યમ ચકરડી માટેની જે-કેટેગરીમાં ૪૮ અરજીઓ સામે ચાર સ્ટોલ્સ ફાળવાયા છે. નાની ચકરડી માટેની કે-કેટેગરીમાં ૩૯ અરજીઓ સામે ૨૮ સ્ટોલ્સ ફાળવાયા છે. જ્યારે નાની ચકરડીર-૨ માટેની કે-કેટેગરીમાં ૨૨ અરજીઓ સામે ૨૦ સ્ટોલ્સ ફાળવાયા છે. ડ્રો પૂર્વે જિલ્લા કલેક્ટરએ લોકમેળા અમલીકરણ સમિતિ પાસેથી મેળાના આયોજન, સ્ટોલ્સ ફાળવણી સહિતની વિગતો જાણીને સમીક્ષા કરી હતી, તેમજ લોકો લોકમેળાનો આનંદ માણી શકે તે માટે સુચારૂ વ્યવસ્થા ગોઠવવા વહીવટી તંત્રને માર્ગદર્શન આપ્યું હતું. આ તકે કલેક્ટરએ જણાવ્યું હતું કે, કેન્દ્ર તથા રાજ્ય સરકારના સ્ટોલ્સની ફાળવણી હવે પછી થશે. જ્યારે મોટી યાંત્રિક રાઇડ્સ માટે આવતીકાલે હરરાજી કરવામાં આવશે. લોકમેળાના નામકરણ અંગે તેમણે કહ્યું હતું કે, નામ બાબતે ગઈકાલ સુધીમાં ૭૦૦થી વધુ અરજીઓ આવી છે. જેની ચકાસણી ચાલી રહી છે. સંપૂર્ણપણે લોકભાગીદારીથી અને લોકોનો અભિપ્રાય લઈને મેળાનું નામ રખાશે.

### લોકમેળાના નામકરણ અંગે ગઈકાલ સુધીમાં ૭૦૦થી વધુ અરજીઓ આવી

## પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટ દ્વારા આયોજીત

# દંતરોગ માટે વિનામૂલ્યે નિદાન તથા રાહતદરે સારવાર કેમ્પ સંપન્ન





### મોટી સંખ્યામાં ડોક્ટરોની સેવા ઉપલબ્ધ ૧૨૨ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

શહેરના પછાત તથા છેવાડાના વિસ્તારોમાં વસતા પરિવારો માટે છેલ્લા ૨૭ વર્ષથી સેવાકીય પ્રવૃતિઓ ચલાવતી સંસ્થા પુજીત રૂપાણી મેમોરીયલ ટ્રસ્ટના ઉપક્રમે તા.૨૪ જુલાઈ રવિવારના રોજ રોટરી ક્લબ ઓફ રાજકોટ મીડટાઉનના સહકાર સાથે વિનામૂલ્યે દાંતના રોગોનો કેમ્પ ભાવનગર રોડ, આર.એમ.સી. ઇસ્ટ ઝોન ઓફિસ સામે આવેલ ટ્રસ્ટના ભવન કલ્લોલ ખાતે યોજાઈ ગયો. આ કેમ્પમાં ઉદઘાટક તરીકે રાજકોટના જાણીતા સ્કીન તબીબ ડો. ચેતનભાઈ લાલસેતા ઉપરાંત અમેરિકાના વિખ્યાત ડો.નમ્રતા ઉપાધ્યાય ત્રિવેદી ખાસ ઉપસ્થિત રહી સેવામાં જોડાયા હતા. સાથે- સાથે ડોક્ટર બિંદનભાઈ શાહ, ડો. સેજલ શાહ ડો. પ્રિયા હરસોડા, ડો. જિનિશાબા સોઢા તથા ડો. ગૌતમીબેન સંઘાણીએ આ કેમ્પમાં સેવા આપી હતી. જેનો ૧૨૨ જેટલા દર્દીઓએ લાભ લીધો હતો.

અમેરિકાથી પધારેલ ડોકટર નમ્રતાએ ટ્રસ્ટની સેવાકીય પ્રવૃતિઓને બિરદાવી આ કેમ્પમાં એક ડેન્ટિસ્ટ તરીકે ફરજ બજાવવાની જે તક મળી તે માટે ટ્રસ્ટના ચેરમેન વિજયભાઇ રૂપાણી તથા ટ્રસ્ટી અંજલિબેન રૂપાણીનો આભાર વ્યક્ત કર્યો હતો ડો.નમ્રતા ઉપાધ્યાય ત્રિવેદીએ એક દાતા તરીકેની પણ ફરજ બજાવી હતી.

આ કેમ્પની માહિતી આપતા જણાવેલ કે, દાંતના રોગોનું નિઃશુલ્ક નિદાન કરી તેમની સારવારમાં પણ ૫૦% રાહત આપવામાં આવશે. વિશેષમાં જણાવેલ કે, ટ્રસ્ટ માત્ર નિદાન કેમ્પ જ નહીં પરંતુ દર્દીની છેક સુધીની સારવાર કરવાની જવાબદારી નિભાવે છે. સ્વાગત વિધિમાં ટ્રસ્ટી મહેશભાઈ ભટ્ટ તથા કમિટી મેમ્બર્સ દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા, ડો.વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા ઉપરાંત ટ્રસ્ટના ડો.જસ્મિતાબેન ચાવડા, ડો.મિનલબેન ત્રિવેદી વગેરેએ કેમ્પમાં સેવા આપનાર ડોક્ટરોને બુકે આપી સ્વાગત કરેલ. આજના આ કેમ્પમાં ડેપ્યુટી મેયર ડો.દર્શિતાબેન શાહ, ડો.પારસભાઈ શાહ, મહિલા કોર્પોરેટર દર્શનાબેન પંડયા, લીલુબેન જાદવ, મિનલબેન લાઠીયા, પ્રભારી માધુરીબેન ભાલાળા, શિક્ષણ સમિતિના સભ્ય તેજસભાઈ ત્રિવેદી, વિક્રમભાઈ સંઘાણી તથા સૌરાષ્ટ્ર ક્રિકેટ એસોસિએશનના સેક્રેટરી હીમાંશુભાઈ શાહ, કામધેનુ ગૌશાળાનાં ટ્રસ્ટી વિશાલભાઈ આહ્યાં, વોર્ડ નં.૧નાં મહામંત્રી કાનાભાઈ સતવારા પણ ઉપસ્થિત રહેલ. ટ્રસ્ટના ચેરમેન વિજયભાઈ રૂપાણીએ કેમ્પને શુભેચ્છા પાઠવી હતી.

આજના આ કેમ્પ અને યશસ્વી બનાવવા અંજલીબેન રૂપાણી તથા મહેશભાઈ ભટ્ટના માર્ગદર્શન અંતર્ગત મેડિકલ કમિટી મેમ્બર્સ અમીનેશભાઈ રૂપાણી, ડો.જૈમનભાઈ ઉપાધ્યાય, ડો.નયનભાઈ શાહ, ડો. વિભાકરભાઈ વચ્છરાજાની, દિવ્યેશભાઈ અઘેરા, બીપીનભાઈ વસા, કાર્યકર્તાઓ મહેશભાઈ પરમાર, કિશોરભાઈ ગમારા, એન જી.પરમાર, પ્રફુલભાઈ સંઘાણી, રાજુભાઈ શેઠ, હરેશભાઈ ચાંચિયા, જિજ્ઞેશભાઈ રત્નોતર, નિરદભાઈ ભટ્ટ ઉપરાંત ટ્રસ્ટના વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટ, કો-ઓર્ડિનેટર જયદીપભાઇ ગોહિલ, નિરાલીબેન રાઠોડ, કર્મચારીઓ શીતલબા ઝાલા, કાંતિભાઈ નિરંજની, પ્રીતિબેન મહેતા, ધાનીબેન મકવાણા, નેહાબેન સોલંકી, વર્ષાબેન મકવાણા, પ્રવીણભાઈ ખોખર, દિપકભાઈ જોષી, દેવજીભાઈ પરમાર, જિજ્ઞાબેન સોલંકી, છાયાબેન ઓળકીયા, અસ્મિતા નારીયાણી, જયશ્રીબેન ગોઢાણિયા, જયેશભાઈ ધોકીયા, ડો.મીનલબેન ત્રિવેદી, ડો.જાસ્મિતાબેન ચાવડા, ડો. નેન્સી ડોબરિયા, ડો.દષ્ટિ ગઢીયા, ડો.નીપા ગોતી, ડો.માનસી રાજાણી, ડો.સોમૈયાસોરા, જનકીબેન રામાણી વગેરે જહેમત ઉઠાવેલ હતી. વધુ માહિતી માટે વહીવટી અધિકારી ભાવેનભાઈ ભટ્ટનો રૂબરૂ અથવા ફોન નં.૦૨૮૧-૨૭૦૪૫૪૫ દ્વારા સંપર્ક કરવા યાદીમાં જણાવાયું છે.

# વોર્ડ નં.૨ માં પેવિંગ બ્લોક કામનું ખાતમુહૂર્ત કરતા નીતિન ભારદ્વાજ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

વોર્ડ નં.૨માં અમરજીત નગરની શેરીઓમાં રસ્તાના સાઈડના પડખામાં પેવિંગ બ્લોક નાખવાના કામનું ખાતમુહૂર્ત સુરેન્દ્રનગર જીલ્લાના ભાજપ સંગઠનના પ્રભારીના હસ્તે કરવામાં આવ્યું.

આ પ્રસંગે વોર્ડના કોર્પોરેટરો ડો.દર્શિતાબેન શાહ, મનિષભાઈ રાડીયા તથા જયમીનભાઇ ઠાકર, મીનાબા જાડેજા, વોર્ડના પ્રભારી મનુભાઈ વઘાસીયા, વોર્ડ પ્રમુખ રાજેન્દ્રસિંહ ગોહિલ, વોર્ડ મહામંત્રી દશરથભાઈ વાળા તથા ભાવેશભાઈ ટોયટા શહેર ભાજપ મંત્રી દિપાબેન કાચા તથા પૂર્વ કોર્પોરેટર ધર્મેન્દ્રભાઈ મિરાણી, અનિલભાઈ મકવાણા તથા જસુમતીબેન વસાણી, અગ્રણીય ગુલાબસિંહ જાડેજા, નિલેશભાઈ વ્યાસ, નિલેશભાઈતેરૈયા, કાળુમામા, દીપકભાઈભટ્ટ, જે.ડી. ઉપાધ્યાય, અજયસિંહ જાડેજા, નરેન્દ્રસિંહ સોલંકી, રાજેનભાઈ સિંધવ, મૃણાલભાઈ, કૌશિકભાઈ અઢીયા, અતુલભાઈ નથવાની, ભરતભાઈ કાઠી, અંકીતભાઈ લાખાણી, જયરાજસિંહ જાડેજા, રાજુભાઈ પારેખ, છેલભાઈ રાવલ, પ્રશાંત વાણી, જેન્તીભાઈ બુન્ધેલીયા, વોર્ડ નં.૨ મહિલા મોરચા પ્રમુખ દેવ્યાનીબેન રાવલ, વોર્ડ મહામંત્રી પલ્લવીબેન ચૌહાણ, વોર્ડ અગ્રણીય શ્રધ્ધાબેન, માધવીબેન, ભારતીબેન, અમરજીત નગરના મુસાભાઈ લક્ષ્મણભાઈ ધોળકીયા, રાજનભાઈ, અતુલભાઈ, જયંતિભાઈ, પ્રવિણભાઈ, ગોવિંદભાઈ, ચેતનભાઈ ચૌહાણ વગેરે ઉપસ્થિત રહેલ.

# સરસ્વતી વિદ્યામંદિરમાં યોજાયું વાલી સંમેલન




### વર્તમાન શિક્ષણ વ્યવસ્થામાં વિદ્યાર્થીઓ અને વાલીઓની ભૂમિકા વિશે અપાયું માર્ગદર્શન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

વિદ્યાભારતી ગુજરાત પ્રદેશ સંલગ્ન તેમજ સૌરાષ્ટ્ર શિક્ષણ સેવા સમાજ ટ્રસ્ટ રાજકોટ સંચાલિત પ્રવીણકાકા મણીઆર શૈક્ષણિક સંકુલ મારૂતિનગર તથા સરસ્વતી શિશુમંદિર રણછોડનગર ખાતે વાલી સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બંને શાળાના પ્રાથમિક વિભાગના પ્રધાનાચાર્ય પારૂલબેન પટેલ અને કનુબેન ઠુંમ્મર દ્વારા પ્લેહાઉસ, નર્સરી સહિત ધોરણ ૧થી ૮ના વિદ્યાર્થીઓના વાલીઓ માટે આયોજીત વાલી સંમેલનમાં સંસ્થાના ચેરમેન અપૂર્વભાઈ મણીઆરે વાલીઓને વર્તમાન શિક્ષણ વ્યવસ્થાની ધ્યાનમાં રાખવાની બાબતો, શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે વાલીઓની ભૂમિકા, વાલીઓની સંતાનો પ્રત્યેની ફરજ, શાળાકીય વ્યવસ્થાપન તથા સુવિધાઓ, શૈક્ષણિક આયોજનો અને તેના કાર્યક્રમો અંગે વિશદ સમજણ આપી હતી. આ તકે શાળાના પ્રધાનાચાર્યો પારુલબેન અને કનુબેનએ પણ ઉપસ્થિત વાલીઓને વાલી સંમેલનનું મહત્વ સમજાવીને તેમના પ્રશ્નો-મુંજવણોનું નિરાકરણ આપતું પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. સરસ્વતી વિદ્યામંદિર સંકુલમાં યોજાયેલા વાલી સંમેલનમાં બહોળી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# કલેકટરના અદયક્ષસ્થાને જિલ્લા તમાકુ નિયંત્રણ સેલની બેઠક યોજાઈ




**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષ સ્થાને જિલ્લા પંચાયત કચેરી હેઠળના જિલ્લા તમાકુ નિયંત્રણ સેલની બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં કલેકટરએ રાજકોટ જિલ્લામાં તમાકુ નિષેધ હેઠળ થયેલ જાગૃતિ તેમજ દંડાત્મક કાર્યવાહીની સમીક્ષા કરી હતી અને નિયમ મુજબ શૈક્ષણિક સંસ્થાઓ આસપાસ તમાકુનું વેચાણ બંધ થાય અને દુકાનોમાં બોર્ડ લાગે તે સુનિશ્ચિત કરવા જરૂરી નિર્દેશો કર્યા હતા.

આ બેઠકમાં ડીડીઓ દેવ ચૌધરી, સામાજિક અગ્રણી અને પૂર્વ સાંસદ રમાબેન માવાણી, આરોગ્ય વિભાગના મિતેષ ભંડેરી અને અન્ય આરોગ્ય અધિકારીઓ, પોલીસ પ્રતિનિધિ તેમજ સંબંધિત વિભાગીય અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ગુરૂવારે એવવ્રત જીવવ્રત દિવાસો જાગરણ અને ગુરૂપુષ્પામૃત યોગ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**



શાસ્ત્રી રાજદીપ જોષી (વૈદાંતરત્ન)

રાજકોટ: અષાઢ વદ અમાસને ગુરૂવારે તા.૨૮ ના દિવસે એવવ્રત જીવવ્રત છે. આ વ્રતને એવ્રત- જીવ્રત પણ કહે છે. આ વ્રત પરિણીત સ્ત્રીઓ કરે છે. આ વ્રત માં ઉમા-મહેશ્વરનું વ્રત છે અને ઉપવાસ રહેવાનો હોય છે. પાંચમાં વર્ષે એવવ્રતનું ઉજવણું કરાય છે. આખી રાતનું જાગરણ કરવાનું હોય છે. જયારે જીવવ્રતના વ્રતમાં એકટાણું પણ કરી શકાય છે. નાની-મોટી બધી જ ઉંમરના બહેનો જીવવ્રત રહે છે. તથા આ દિવસે સવારનાં ૭:૦૫ થી ગુરૂપુષ્પામૃત યોગ છે. અમાસના દિવસે હોય. પૂજા, પાઠ, જપ, તપ માટે ઉત્તમ રહેશે. શુભફળ આપનાર બનશે.

## ફીલીપાઈન્સને હચમચાવતો ૭.૧ની તીવ્રતાનો ભૂકંપઃ મનીલા ધણધણ્યુ

## સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસો. દ્વારા

# બાર કાઉન્સિલ ઓફ ગુજરાતના નવનિયુકિત ચેરમેન અનિરૂધ્ધસિંહ ઝાલાનું સન્માન કરાયું

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

સમગ્ર ગુજરાતના વકીલોની માતૃ સંસ્થા અને પ્રતિષ્ઠિત એવા ગુજરાત બાર એસોસિએશનના નવનિયુકત અને યશસ્વી ચેરમેન અનિરૂધ્ધસિંહ ઝાલાનું સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસિએશન દ્વારા રાન્માન કરવામાં આવેલ. સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસિએશનના સ્થાપક સ્વ.બલવંતસિંહ રાઠોડ તથા તેમની સાથે સંકળાયેલા રાજકોટ બાર એસોસીએશનના પૂર્વ પ્રમુખ બકુલભાઈ રાજાણી, તથા રાજકોટ બાર એસોસિએશનના ઉપપ્રમુખ સિધ્ધરાજસિંહ કે.જાડેજા તેમજ સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસીએશન ના સલાહકાર ચંદ્રસિંહ પરમાર, ચંદુસિંહ તલાટીયા, હિતેન્દ્ર સોલંકી, મહેન્દ્ર ભાલુ, જગદીશ નારીગરા, વિશાલ સોલંકી, ચિરાગ કુકરેચા , અર્જુનસિંહ ભાટ્ટી, અશોક ચાંડપા, રાજેશ ખાંભલીયા, મગનલાલ મેવાસીયા, કૃણાલ દવે , વગેરે હાજર રહેલ. તેમજ સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસિએશનના કો-ફાઉન્ડર જીતેન્દ્ર પારેખ, ચેરમેન શિવરાજસિંહ ઝાલા, પ્રમુખ-કુલદિપસિંહ બી.જાડેજા, તથા ઉપપ્રમુખ ભરતભાઈ સોમાણી, ચંદ્રસિંહ તલાટીયા, મહેન્દ્ર ભાલુ, હિતેન્દ્ર સોલંકી, જી.કે.ચાવડા, વિશાલ સોલંકી, જયરાજસિંહ જાડેજા, અનિલ પરસાણા, વિવેક ધનેશા, રવિભાઈ પરમાર, ધર્મિષ્ઠાબા જાડેજા, હેતલ ભટ્ટ, ભુમિકા પટેલ, રીન્કલ પરમાર, સોનલ ગોંડલીયા, સિનિયર વકીલો અને સલહકાર સમિતિના ચંદ્રસિંહ પરમાર , બલભદ્રસિંહ ચુડાસમા, જે.વી. ચોટલીયા, આર.ડી.ઝાલા, એસ.બી. ગોહીલ, ચંદ્રસિંહ પરમારના (આર.સી.) દિલીપભાઈ ત્રિવેદી વગેરે એ શુભેચ્છા પાઠવેલ છે.

ગુજરાત બાર કાઉન્સીલના નવનિયુકત ચેરમેન અનિરૂધ્ધસિંહ ઝાલા એ પણ સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસિએશનને બાંહેધરી આપે છે કે કોઈપણ વકીલોને કોઈપણ પ્રકારનો પ્રશ્ન હોય તો તેનુ તાત્કાલીક ધોરણે સોલ્યુશન લાવવામાં આવશે અને સૌરાષ્ટ્ર જુનિયર એડવોકેટ એસોસિએશનનો આભાર વ્યકત કરેલ હતો. તેમ જણાવ્યું છે.(૧૩)

અમારા પત્રકાર બાબતમાં કોઈ ફરિયાદ હોય તો અમને આ નંબર પર જણાવો
મો.9429787729
email:-saurashtrakranti@gmail.com

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક
સૌરાષ્ટ્ર ક્રાંતિ સાંધ્ય દૈનિક પેપરની ઈ-પેપર PDF મેળવવા માટે આપના મોબાઈલ પરથી મો.70483 63882 અથવા તો 93752 17603 પર આપનું નામ, તેમજ શહેરનું નામ લખી વોટ્સએપ કરો.

(અનુ.છેલ્લા પાનાનુ ચાલુ)

## EDને સમન્સ–ધરપકડ–મિલ્કત જપ્તીનો અધિકારઃ સુપ્રીમ કોર્ટ

જણાવ્યું કે આ કાનૂન હેઠળ એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટ જે સમન્સ પાઠવે છે તથા ધરપકડ કરે છે તે કાનૂની છે અને તે તેમનો અધિકાર છે. સર્વોચ્ચ અદાલતે સાથોસાથ આ કાનૂન હેઠળ જામીનના નિયમોમાં થોડી સરળતાની આવશ્યકતા દર્શાવી હતી. સર્વોચ્ચ અદાલતે એ પણ નિશ્ચિત કર્યુ કે ઈ.ડી. દ્વારા કોઈ ફરિયાદ દાખલ કરવામાં આવે તો તે ફરિયાદની નકલ આરોપીને આપવી જરૂરી નથી. આ ઉપરાંત સર્વોચ્ચ અદાલતે ખાસ એ પણ જણાવ્યુ કે સીબીઆઈ કે અન્ય એજન્સી દ્વારા જે તપાસ બંધ કરવામાં આવી હોય તે કેસને રીઓપન કરીને પણ તપાસનો એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટને અધિકાર છે. સુપ્રીમ કોર્ટ એ પણ જણાવ્યું હતું કે ઈ.ડી. સામે જે નિવેદન આપવામાં આવશે. તે પુરાવા તરીકે જોડી શકાય. પુર્વ કેન્દ્રીયમંત્રીના સાંસદ પુત્ર કાર્તિ ચિદમ્બરમ મહારાષ્ટ્રના પુર્વ ગૃહમંત્રી અનિલ દેશમુખ સહિતના આ કાનૂન હેઠળ કાર્યવાહીનો સામનો કરતા ૧૦૦ જેટલા રાજકીય નેતાઓએ કરેલી તમામ અરજીઓ ફગાવાઈ છે. જેમાં કહેવામાં આવ્યું હતું કે આ કાનૂન હેઠળ ધરપકડ-જામીન અને સંપતિ જપ્તીના અધિકાર- સીઆરપીસીના પાલન માટે ફરજીયાત હોવું જોઈએ અને તેથી તેની જોગવાઈ ગેરબંધારણીય તથા અપરાધની તપાસ-ટ્રાયલના સંબંધમાં જે પ્રક્રિયા અપનાવવાની છે તેનું આ કાનૂન હેઠળ પરત થતું નથી. ખાસ કરીને ૨૦૧૮માં આ કાનૂનમાં કલમ ૩-૪-૧૮-૧૯-૨૪ તથા ૫૦માં જે સુધારા થયા હતા તે તમામ સર્વોચ્ચ અદાલતે માન્ય રાખ્યા છે જેમાં આરોપીની સંપતિ જપ્તીનો અધિકાર પણ માન્ય રાખ્યો છે તથા સર્વોચ્ચ અદાલતે એ પણ જણાવ્યું કે જે તે વ્યક્તિની ધરપકડ સમયે ફકત કારણો અંગે માહિતી આપવાની રહેશે.(૯)

# જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન




**રવિવારે જનકલ્યાણ હોલ ખાતે કરાયું આયોજનઃ રકતદાતાઓને આકર્ષક ગીફટ, અકસ્માત વીમા પોલીસી, સર્ટિફિકેટ અપાશેઃ (પ્રિ-રજી નં.૯૮૨૫૦ ૭૮૩૦૨) પર કરાવેલ રકતદાતાઓ માટે લક્કી ડ્રો દ્વારા ૪૦, ૩૨ ઈંચનું ટીવી તેમજ ૫૦ લીટરનું ફ્રીજ ગીફટ તરીકે આપવામાં આવશે**

**લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

જૈન સોશિયલ ગ્રુપ્સ ઈન્ટ. ફેડરેશન આંતર રાષ્ટ્રીય સંસ્થા છે, જેમા દેશ-વિદેશમાં પોતાના ૪૦૦ ગ્રુપ્સ અને ૬૫૦૦૦ થી વધુ સભ્યો ધરાવતી સંસ્થા છે. જૈન સોશિયલ ગ્રુપ્સ ઈન્ટ. ફેડરેશન આગામી તા.૧૫ ઓગસ્ટથી તા.૨૨ ઓગષ્ટ દરમ્યાન સંવેદના સપ્તાહ તરીકે ઉજવણી કરી રહ્યું છે. જેના ભાગરૂપે જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ આયોજીત આગામી તા.૩૧-૭ રવિવારનાં રોજ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન જનકલ્યાણ એસી હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે કરવામાં આવેલ છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં વિભાબેન હિતેશભાઈ મહેતાનાં સ્મરણાર્થે માતુશ્રી ગુલાબબેન અનીલભાઈ મહેતા પરિવાર તેમજ મનહરલાલ વર્ધમાનભાઈ સંઘવી, સ્વ.હર્ષદભાઈ ભુપતરાય સંઘવી તેમજ ઈન્દુભાઈ વોરા (વોરા ફાઉન્ડેશન) સહયોગી દાતા તેમજ લક્કી ડ્રો દ્વારા ૧૧ ભાગ્યશાળી રકતદાતાને ૨ સોનાની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે. આ બ્લડ ડોનેશન કેમ્પનાં મેડિકલ પાર્ટનર સ્ટાર સિનર્જી દ્વારા બી.એમ.ડી., આર.બી.એસ., હાઈટ, વેઈટ, બ્લડપ્રેશર તેમજ ફીઝીશ્યન ડોકટરનું કન્સલ્ટન્ટ તદ્દન નિઃશુલ્ક કરી આપવામાં આવશે.

રકતદાન એ નવા જમાનાની નવી જવાબદારી છે. તેમજ રકતદાન એ આપણે સૌએ સ્વૈચ્છાએ સ્વીકારેલો સામાજીક વેરો છે. ત્યારે કોઇ માતાના લાડકવાયા અને કોઇ બહેનીનાં વીરાને, કોઇની બહેનનાં સુહાગને અને નાના-નાના ભુલકાઓનાં મમ્મી-પપ્પાને નવજીવન બક્ષવાનાં હેતુસર જૈન સોશિયલ ગ્રુપ્સ ઈન્ટરનેશનલ ફેડરેશનના સંવેદના સપ્તાહ અંતર્ગત જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટ દ્વારા સૌને સાથે રાખી, સૌના સાથ સહકારથી મેગા બ્લડ ડોનેશન કેમ્પ આગામી તા.૩૧-૭ ને રવિવારનાં રોજ સવારે ૮ થી બપોરે ૩ દરમ્યાન જનકલ્યાણ હોલ, જનકલ્યાણ સોસાયટી, એસ્ટ્રોન ચોક પાસે, રાજકોટ ખાતે આયોજન કરેલ છે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ મેઈન, વેસ્ટ, મીડટાઉન, ડાઉન ટાઉન, રોયલ, યુવા, સેન્ટ્રલ, જૈન જાગૃતિ સેન્ટર, દિગંબર જૈન સોશિયલ ગ્રુપ, જૈન યુવા જુનિયર તથા મીડટાઉન લેડીઝ વિંગ, સંગીની ડાઉનટાઉન, સંગીની એલીટ, જૈન યુવા ગ્રુપ, શ્રીમદ્ રાજચંદ્ર સેવા ગ્રુપનો સહકાર સાંપડયો છે,

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ડો.પ્રદિપભાઈ ડવ (મેયર) ડો.દર્શિતાબેન શાહ (ડેપ્યુટી મેયર), રાજુ ભાગર્વ (પોલીસ કમિશનર) હરેશભાઈ વોરા (પૂર્વપ્રમુખ-JSGIF,) મનીષભાઈ દોશી (વાઈસ પ્રેસીડન્ટ) JSGIF,) ડો.ચેતનભાઈ વોરા (ચેરમેન : સૌરાષ્ટ્ર રીજીયન), નિલેશભાઈ કામદાર (આઈ.ડી.-JSGIF,) સેજલભાઈ કોઠારી (વાઈસ ચેરમેન સૌરાષ્ટ્ર રીજીયન), નિલેશભાઈ કોઠારી (સેક્રેટરી : સૌરાષ્ટ્ર રીજીયન), જીતુભાઈ કોઠારી (મહામંત્રી : રાજકોટ શહેર ભાજપ), રાજુભાઈ બાટવીયા, જીતુભાઈ બેનાણી, ઈન્દુભાઈ વોરા, નીતેશભાઈ કામદાર, અનીષભાઈ વાધર, જયેશભાઈ શાહ (સોનમ કર્વાટઝ), સતીષભાઈ મહેતા (અબતક), કરણભાઈ શાહ (સાંજસમાચાર), ભાવનાબેન દોશી, અમીષભાઈ દેશાઈ (તપસ્વી ઈન્ટરનેશનલ સ્કૂલ), પ્રતિકભાઈ સંઘાણી, ડો.દિપકભાઈ મહેતા, મેહુલભાઈ રૂપાણી, અમીનેશભાઈ રૂપાણી, ઉપસ્થિત રહેશે.

આ કેમ્પમાં રાજકોટની નામાંકિત શૈક્ષણિક સંસ્થા વીવીપી એન્જીનિયરીંગ કોલેજ, આત્મીય કોલેજ તેમજ ગીતાંજલી કોલેજનાં વિદ્યાર્થીઓ બહોળી સંખ્યામાં જોડાશે તેમજ મોટી ઈન્ડસ્ટ્રીઝનાં કર્મચારીઓ વધુમાં વધુ જોડાય તે માટે પણ સંસ્થા કાર્યરત બની છે.

આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં તમામ રકતદાતાઓને આયોજકો તરફથી આકર્ષક ગીફટ, એક લાખની અકસ્માત વિમા પોલીસી તથા સર્ટિફિકેટ એનાયત કરવામાં આવશે. પ્રિ રજીસ્ટ્રેશન કરાવનાર રકતદાતાઓ વચ્ચે લક્કી ડ્રો દ્વારા ૪૦, ૩૨ ઈંચનું ટીવી તેમજ ૫૦ લીટરનું ફ્રીજ ગીફ્ટ તરીકે આપવામાં આવશે, આ ઉપરાંત લક્કી ડ્રો દ્વારા ૧૧ રકતદાતાઓને ૨ સોનાની ગીની અને ૯ ચાંદીની ગીની આપવામાં આવશે. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં સિવિલ હોસ્પિટલ બ્લડ બેન્ક તથા રેડક્રોસ બ્લડ બેન્કનો વિશેષ સહયોગ મળેલ છે.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટના પ્રમુખ બકુલેશ મહેતા, તત્કાલીન નિવૃત પ્રમુખ ઉદય ગાંધી, એલીટ સેક્રેટરી : અભય દોશી તથા જૈન સોશિયલ ગ્રુપ રાજકોટ એલીટના પ્રોજેકટ ચેરમેન ચેતનભાઈ પંચમીયા, કો પ્રોજેક્ટ ચેરમેનઃ જીજ્ઞેશ બોરડીયા, સંકલન કમિટીના ઉપેન મોદી, મેહુલ દામાણી તેમજ પ્રોજેકટ કમીટીનાં પરાગ મહેતા, રૂષભ શેઠ, ધવલ શાહ, નિપેશ દેસાઈ, જીતુ પંચમીયા, જતીન શેઠ, આકાશ શાહ, ધવલ સંઘવી, વિમલ બાટવીયા, સુમેશ મહેતા સહિતના લોકો જહેમત ઉઠાવી રહયા છે. તેમ બકુલેશ મહેતાએ જણાવ્યું છે.

### આત્મીય સ્મૃતિ મંદિરના દર્શન કરીને ભકતો ભાવવિભોર બન્યા

## હરિધામમાં સ્વામી હરિપ્રસાદજીના સ્મૃતિદિનની ઉજવણી

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭



**કૃતજ્ઞતા મહાપર્વના પાવન પ્રસંગે પૂ.પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજે આશીર્વચન આપ્યા**

પૂ.હરિપ્રસાદ સ્વામીજીએ સહુ ભક્તોનાં દેહ અને ઘરને મંદિર બનાવવા માટે રાત દિવસ, ભૂખતરસ, ટાઢતડકો એવાં કોઈ પરિબળને લક્ષ્યમાં લીધા સિવાય સહુનું સારૂં થાય એ માટે સેવા કરતા રહ્યા. એમનું ઋણ આ એક જન્મમાં ચૂકવાઈ શકે તેમ નથી. એવું યોગી ડિવાઈન સોસાયટીના વર્તમાન અધ્યક્ષ અને આત્મીય સમાજના અધિષ્ઠાતા પરમ પૂજ્ય પ્રેમસ્વરૂપ સ્વામીજી મહારાજે કહ્યું હતું. તેઓ યોગી ડિવાઈન સોસાયટીના સ્થાપક અને આત્મીય સમાજના સર્જક બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજના પ્રથમ વાર્ષિક સ્મૃતિદિનની ઉજવણી માટે આયોજીત આત્મીય કૃતજ્ઞતા મહાપર્વમાં આશીર્વચન આપી રહ્યા હતા. જૂની સ્મૃતિઓ તાજી કરતાં તેમણે જણાવ્યું હતું કે, ગુરૂહરિ યોગીજી મહારાજે અમને દીક્ષા આપી તે પછી હરિપ્રસાદ સ્વામીજી મહારાજને મારા આધ્યાત્મિક જતનની જવાબદારી સોંપેલી. આ જવાબદારી તેઓએ અંતર્ધ્યાન થયા ત્યાં સુધી તો નિભાવી જ અને અત્યારે પણ નિભાવી રહ્યા છે. સ્વામીજી આપણી વચ્ચેથી ગયા નથી! જઈ શકે નહીં! આ એક વર્ષમાં સ્વામીજી સતત આપણી સાથે જ છે એવી અનુભૂતિ થઈ છે. હજારો ભક્તોને એની પ્રતીતિ થઈ છે.

આ સમારોહમાં આશીર્વચન આપતાં અનુપમ મિશનના અધ્યક્ષ પરમ પૂજ્ય અશ્વિનભાઈએ કહ્યું કે, સ્વામીજી અત્યારે પ્રેમસ્વરૂપ સ્વામીજી સ્વરૂપે દર્શન આપી રહ્યા છે. એ સ્વીકારીશું તો અંતરમાં સુખની અનુભૂતિ સ્વામીજી ચોક્કસ કરાવશે. જયારે પૂજ્ય મુકુંદજીવન સ્વામીજી (ગુરૂજી)એ કહ્યું કે, હરિપ્રસાદ સ્વામીજી હરિધામમાં બિરાજમાન છે અને રહેશે. તેનું કારણ આ પ્રેમસ્વરૂપ સ્વામીજી છે. દિલથી આ વાત સ્વીકારીને સ્વામીજીના થઈને રહીએ તે જ કૃતજ્ઞતા પર્વની સાચી ઉજવણી કહેવાય.

આ પ્રસંગે પૂજ્ય ત્યાગવલ્લભ સ્વામીએ વિશેષ પ્રાર્થના કરતાં કહ્યું હતું કે, પ્રત્યેક પળે સ્વામીજીનું ઋણ અદા કરવા માટે એમની સ્મૃતિમાં રમમાણ રહીને શિક્ષાપત્રી અને સંતપ્રધાન જીવન જીવવું છે. આત્મીય કૃતજ્ઞતા મહાપર્વની શરૂઆતમાં અક્ષરપુરૂષોત્તમ ઉપાસના અંગે બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજની પરાવાણીનું દર્શન-શ્રવણ કરાવવામાં આવ્યું હતું. આ પ્રસંગે બ્રહ્મસ્વરૂપ હરિપ્રસાદ સ્વામીજી મહારાજનાં યુગકાર્ય અંગે દસ્તાવેજી વૃતચિત્રની રજૂઆત થઈ હતી. તેમાં હરિપ્રસાદ સ્વામીજી મહારાજની વિવિધ સ્મૃતિઓ નિહાળીને ભક્તો ભાવવિભોર બન્યા હતા. તેમ જણાવ્યું છે.

## ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કરવાની મુદત વધારવા રજૂઆત

### રાજકોટ ચેમ્બર દ્વારા કેન્દ્રીય નાણામંત્રીને રજૂઆત કરાઈ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

ડિપાર્ટમેન્ટ દ્વારા ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલીંગ કરવાની છેલ્લી મુદત તા.૩૧ રાખેલ છે. આ સમયગાળો કામગીરી પ્રમાણે ખૂબ જ ઓછો છે. જેથી ઓફિસોમાં કામનો ભરાવો ખુબ જ વધી ગયો છે. તેમજ ઈન્કમટેક્ષ રિર્ટન ફાઈલ કરતા પહેલા T.D.S. અને T.C.S. ના વેરફિકેશન માટે ઓનલાઈન તપાસ કરવાની થતી હોય છે. પરંતુ હાલ I.T. પોર્ટલ ન ખુલવાના કારણે આ કામગીરી થઈ શકતી નથી. તેમજ સર્વર ઉપર અતિ ભારે ઘસારાના કારણે સર્વર બંધ થઈ જાય છે. તેમજ એકી સાથે રિટર્ન ભરાતા હોવાથી ઈન્ટરનેટ કનેકિટીવિટી પણ ડાઉન થઈ જાય છે. જેથી કરદાતાઓને રિટર્ન ફાઈલ કરવામાં ખૂબ જ મુશ્કેલી પડી રહી છે.

સમગ્ર બિઝનેશન કોમ્યુનિટી તથા ટેક્ષપેયરના વિશાળ સમુદાયને ભોગવવી પડતી તીવ્ર હાલાકીને ધ્યાનમાં રાખી રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા ઈન્કમટેક્ષ રિટર્ન ફાઈલ કરવાની મુદત ઓછામાં ઓછી એક માસ માટે લંબાવવા કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણ સમક્ષ રજૂઆત કરવામાં આવેલ છે. તેમ જણાવ્યું છે.

### રોયલ પાર્ક સ્થાનકવાસી જૈન મોટા સંઘના આંગણે સેવાકાર્ય

## ઝાયડસ હોસ્પિટલ દ્વારા રવિવારે નિઃશુલ્ક ચેકઅપ કેમ્પ

**શેઠ ઉપાશ્રય, રોયલ પાર્ક મોટા સંઘ અને યંગ ઈન્ડિયન ગ્રુપનું સંયુકત આયોજન**

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

અમદાવાદ શહેરના ઝાયડસ હોસ્પિટલના જે ડોકટર્સની અપોઈન્ટમેન્ટ માટે લોકોને અઠવાડીયા સુધી રાહ જોવી પડે છે તે ડોકટર્સ રાજકોટમાં રોયલપાર્ક ઉપાશ્રયમાં ફ્રી કેમ્પમાં પધારવાના છે તો દર્દીઓએ કેમ્પમાં પધારી લાભ લેવા વિનંતી કરાઈ છે. શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ અને શેઠ ઉપાશ્રય જૈન સંઘ તથા યંગ ઈન્ડિયન ગૃપના સહયોગથી ઝાયડસ હોસ્પિટલ આયોજીત પેટ, આંતરડા, લીવરની બીમારીઓ, મૂત્રમાર્ગની બિમારીના લક્ષાણો, ગર્ભાશયની ગાંઠ, અંડાશયની ગાંઠ, ગર્ભાશયનું કેન્સર, દમ તથા ફેફસા અને શ્વાસની બીમારીઓ તથા હદયના ધબકારા અનિયમિત લગતા દરેક પ્રશ્નો માટે નિઃશુલ્ક કેમ્પ તા. ૩૧/૦૭/૨૦૨૨ ને રવિવારના રોજ સવારે ૯:૩૦ થી બપોરના ૩:૦૦ વાગ્યા સુધી શ્રી રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-સી.એમ઼શેઠ પૌષધશાળાના આંગણે, ૨/૮ રોયલપાર્ક, ગાદીપતિ પૂ. ગુરુદેવશ્રી ગિરીશમુનિ મ઼સા. માર્ગ, કાલાવડ રોડ, રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે.

આ કેમ્પમા ઝાયડસ હોસ્પીટલના ડો. હાર્દિક કોટેચા - (ગેસ્ટ્રોએન્ટેરોલોજીસ્ટ), ડો. પ્રાર્થન જોષી - (મૂત્રામાર્ગના રોગના નિષ્ણાંત), ડો. સાંત્વન મહેતા (લેપ્રોસ્કોપી અને ઈન્ફર્ટીલીટીના સ્પેશ્યાલીસ્ટ), ડો. જીતેન્દ્ર કોટડીયા લોખલ મતહમલ મદખ (પલ્મોનોલોજીસ્ટ) તથા ડો. નિરજ યાદવ (કાર્ડિયોલોજીસ્ટ અને ઈલેકટ્રોફિઝિયોલોજીસ્ટ) ઉપસ્થિત રહી આપની સારવાર કરશે. આ કેમ્પમાં દર્દીઓએ પોતાના એકસ-રે તેમજ જુના રીપોર્ટ સાથે લાવવા તેમજ આ કેમ્પમાં દર્દીઓએ રજીસ્ટ્રેશન માટે મો.નં. ૭૩૫૯૯ ૦૯૯૯૦, ૯૮૨૫૪ ૮૦૮૭૫, ૯૭૨૩૪ ૮૮૪૮૯ ઉપર સંપર્ક કરવા જણાવાયું છે. રજીસ્ટ્રેશનનો સમય સવારે ૧૦ થી સાંજના ૬ વાગ્યા સુધીનો રહેશે તેમજ રજીસ્ટ્રેશન શુક્રવાર સુધી કરવામાં આવશે. આ કાર્યક્રમને સફળ બનાવવા સમસ્ત જૈન સમાજના વૈયાવચ્ચ રત્ન ચંદ્રકાંતભાઈ શેઠ, રૂષાભભાઈ શેઠ, શૈલેષભાઈ માઉ, બિપીનભાઈ પારેખ જહેમત ઉઠાવી રહયા છે તેમજ રોયલપાર્ક સ્થા. જૈન મોટા સંઘ-સેવા સમિતિ, શેઠ ઉપાશ્રય જૈન સંઘ-સેવા સમિતિ તથા જૈન પ્રોગ્રેસીવ ગૃપના કાર્યકર્તાઓ સક્રિય છે. તેમ જણાવ્યું છે.

## લગ્નમાં એકત્ર ઘોરની રકમ શિક્ષણ કાર્યમાં અર્પણ



**(રામ જોગાણી દ્વારા)**
જામ ખંભાળીયા, તા.૨૭

**કલ્યાણપુરના રાણ ગામના મોવર પરિવાર દ્વારા સામાજીક ઉત્થાન માટે અનોખી પહેલ**

દેવભૂમિ દ્વારકા જિલ્લાના રાણ ગામે થોડા સમય અગાઉ રાણાભાઈ વાલાભાઇ મોવર પરિવારના પુત્ર સામતભાઈનો લગ્નપ્રસંગ યોજાયો હતો. તે દરમ્યાન રાત્રે ચારણી રમત કાર્યક્રમમાં ૫૭૭૭૭ રૂપિયાની ઘોરની રકમ એકત્રિત થઈ હતી. તે તમામ રકમ મહેશ મોવર અને તેમના પિતા રાણાભાઈ મોવર દ્વારા ચારણ-ગઢવી સમાજમાં શિક્ષણના ઉત્થાન માટે અર્પણ કરી હતી. ચારણ સમાજમાં શિક્ષણનો વ્યાપ વધે તે માટે અનોખી પહેલ કરતા ચારણ-ગઢવી સમાજ અગ્રણીઓ દ્વારા શુભકામનાઓ પાઠવી હતી. આ ઉમદા કાર્ય બદલ શ્રી સોનલમાં એજ્યુકેશન ટ્રસ્ટ ખંભાળીયા દ્વારા સોનલધામ ખાતે એક કાર્યક્રમયોજી રાણાભાઈ મોવરને સન્માનિત કર્યા હતા. આ તકે આઇ શ્રી હિરલ માતાજીની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. અને માતાજીની ઉપસ્થિતિમાં રાણાભાઈ મોવર દ્વારા ચારણ-કુમાર છાત્રાલયને રૂપિયા અર્પણ કર્યા હતા. આ તકે આઈ શ્રી હિરલમાં દ્વારા આર્શીવચન કરીને સમાજની આ નવી પહેલ બદલ મોવર પરિવારને ધન્યવાદ પાઠવ્યા હતા.શ્રી સોનલમાં એજ્યુકેશન ટ્રસ્ટ દ્વારા દાતા પરિવારનું આભાર વ્યક્ત કરવામાં આવ્યું હતું. સામાન્ય પરિવાર દ્વારા શિક્ષણ કાર્ય માટે અનોખી પહેલને ચારણ-ગઢવી સમાજે બિરદાવી હતી.

## રાજકોટ રેલવે પોલીસની પ્રામાણિકતા

### ટ્રેનમાં કિંમતી મોબાઈલ ફોન ભૂલી જનાર મુસાફરને આરપીએફ ઓફિસે બોલાવી પરત સોંપ્યો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭



રાજકોટ ડિવિઝનનો રેલવે પ્રોટેક્શન ફોર્સ સ્ટાફ હંમેશા તત્પરતા, પ્રામાણિકતા અને તત્પરતા સાથે તેમનું કામ કરવાનો પ્રયાસ કરે છે. પ્રામાણિકતાનું ઉદાહરણ રજૂ કરતાં તાજેતરમાં બાંદ્રાથી રાજકોટ આવી રહેલા એક મુસાફરનો ટ્રેનમાં ભૂલી ગયેલો કિંમતી મોબાઈલ પરત કર્યો હતો.

રાજકોટ ડિવિઝનના સિનિયર ડીસીએમ અભિનવ જેફે જણાવ્યું હતુ કે, રાજકોટમાં રહેતા અનિકેત રૂપારેલ નામના મુસાફરે ફરજ પરના હેન્ડ કોન્સ્ટેબલ કેતન માહેરિયાને જણાવ્યું હતું કે, તે બાંદ્રા-વેરાવળ સૌરાષ્ટ્ર જનતા એક્સપ્રેસમાં બાંદ્રા ટર્મિનસથી મુસાફરી પૂરી કરી રાજકોટ ઉતરી ગયા હતા અને ટ્રેનમાં જ પોતાનો એપલ કંપનીનો મોબાઇલ ફોન ભૂલી ગયા હતા. હેડ કોન્સ્ટેબલે તરત જ આ માહિતી આરપીએફના આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેક્ટર સીતારામ મંગાવાને આપી, જેમણે તરત જ આ માહિતી ટ્રેનમાં તૈનાત આરપીએફની સુરક્ષા પાર્ટીના ઈન્ચાર્જ હેડ કોન્સ્ટેબલ સંજય કુમાર અને ભક્તિનગર પોસ્ટમાં ફરજ પરના કોન્સ્ટેબલ સુનીલ ખટોડને આપી હતી. ટ્રેનમાં તૈનાત આરપીએફ સ્ટાફ દ્વારા આ મોબાઈલ ફોન મળતાં તેને ભક્તિનગર ચોકી પર સોંપવામાં આવ્યો હતો. રાજકોટ ખાતેની ઓફિસમાં માહિતીની સંપૂર્ણ ચકાસણી કર્યા બાદ, મોબાઈલ જેની કિંમત આશરે રૂ.૨૫,૦૦૦ હતી. સહી સલામત હાલતમાં પેસેન્જરને પરત કરવામાં આવ્યો હતો. રાજકોટ ડિવિઝનના ડિવિઝનલ રેલવે મેનેજર અનિલ કુમાર જૈન અને ડિવિઝનલ સિક્યુરિટી કમિશનર પવનકુમાર શ્રીવાસ્તવે સંબંધિત રેલવે કર્મચારીઓની ત્વરિત કાર્યવાહી, પ્રમાણિકતા અને કામ પ્રત્યેના સમર્પણની પ્રશંસા કરી છે.

## અમરેલીમાં આજે આમ આદમી પાર્ટી દ્વારા ભવ્ય 'જનસંવાદ' કાર્યક્રમ

**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૨૭



રાષ્ટ્રીય આમ આદમી પાર્ટીના જનરલ સેક્રેટરી ઈશુદાનભાઈ ગઢવી તા.૨૭/૭ ને બુધવારના રોજ અમરેલી લોકસભાના તમામ જનતા તથા કાર્યકર્તાઓ સાથે જન સંવાદ કરવા પધારી રહ્યા છે.

અમરેલી લોકસભાના તમામ જવાબદાર હોદ્દેદાર, તાલુકા શહેર અને જિલ્લા-પ્રદેશના વિવિધ સંગઠનની જવાબદારી સોંપેલ પદાધિકારીઓ તથા કાર્યકર્તાઓ તેમજ આમ આદમી પાર્ટીના શુભેચ્છકો આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેવા જિલ્લા આમ આદમી પાર્ટીના પ્રમુખ નિકુંજભાઈ સાવલિયાએ જાહેર-ખુલ્લુ નિમંત્રણ આપેલ છે.

આ સંમેલનમાં જિલ્લાની અને લોકસભાની તમામ સમસ્યા અંગે પ્રદેશ અને રાષ્ટ્રીય કક્ષાએ આમ આદમી પાર્ટીની કામગીરીની ચર્ચા તેમજ જનતાને તેમના પ્રશ્નોના ઉત્તરોતર અને નિરાકરણ માટે જાગૃત કરવા જન સંવાદ કરવામાં આવશે.

ઈશુદાનભાઈ ગઢવી આ કાર્યક્રમના અધ્યક્ષ સ્થાનેથી જનતાનો અવાજ ઉઠાવશે. કાર્યક્રમનું સ્થળ દાદા ભગવાન મંદિર લીલીયા રોડ અમરેલી સાંજે પાંચ કલાકે રાખેલ છે તો ઉપરોક્ત સમય સ્થળ પર સમયસર પધારવા નિકુંજભાઈ સાવલિયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## લઠ્ઠાકાંડમાં પીડિત પરિવારોને સરકારી સહાયની માંગણી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

**ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશ જંજવાડીયા સહિતની ટીમે બોટાદ જઈને સાંત્વના આપી**

બરવાળા બોટાદ વિસ્તારના આજુબાજુના ગામોમાં કથિત લઠ્ઠાકાંડ સર્જાયો છે. જેમાં ઘણા લોકો મોતને ભેંટયા છે અને હજુ ઘણા લોકો સારવાર લઈ રહ્યા છે. જે મૃતકોના પરિવારોને સાંત્વના આપવા ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયા અને કન્વીનર દિનેશભાઈ મકવાણા, પ્રદેશના સહમંત્રી ભરતભાઈ બાલોદરા, અમદાવાદ જિલ્લા પ્રમુખ વિષ્ણુભાઈ ચારોલા, લીગલ એડવાઈઝર જશુભાઈ એડવોકેટ, કિરણભાઈ થોરીયા, કિશોરભાઈ કંથારીયા, સ્થાનિક અગ્રણી ઓઘડભાઈ, બોટાદના અગ્રણી ચંદુભાઈ માખણા, હાસ્ય કલાકાર બટુકભાઈ ઠાકોર અને અનુભાઈ ઠાકોર સાથે યોગીધામ સંસ્થાના નિર્મળ સ્વામી સહિતના સ્થાનિક અગ્રણીઓ બોટાદ પહોંચ્યા હતા. આ પરિવારોને ન્યાય આપવા સરકાર દ્વારા ગુન્હેગારોને પકડી ફાસ્ટ ટ્રેક કોર્ટમાં ઝડપી સજા મળે તેમજ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ હેઠળ ચાર લાખની આર્થિક સહાય મળે અને મુખ્યમંત્રી રાહત નિધિમાંથી સહાય ફાળવવામાં આવે તેવી ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયા દ્વારા માંગણી કરવામાં આવી હતી. તેમ જણાવ્યું છે.

## આટકોટમાં લમ્પી વાયરસના બે કેસ નોંધાયા

**(કરશન બામટા દ્વારા)**
આટકોટ, તા.૨૭



હાલમાં પશુઓને લમ્પી વાયરસ થાય તો બચાવવા માટે સારવાર માટે ૧૯૬૨, આવે છે ધનાભાઈ ભરવાડની ગાયને લમ્પી વાયરસ કેસ નોંધાયો હતો. તેમણે તેમના અન્ય પશુઓને રસીકરણ કરવામાં આવ્યું હતું. તેવું જણાવ્યું હતું. ગામના આગેવાનો આગળ આવીને પશુઓને લમ્પી વાયરસ બચવા માટે ગામમાં રસીકરણ કેમ્પ રાખવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે. વહેલી તકે થાય તો પશુઓ બચી શકાય વાયરસ ફેલાય તે પહેલા પગલાં ભરવામાં આવે તેવી માંગણી કરવામાં આવી છે.

**વિ.હિ.પ. પ્રેરીત શ્રી જન્માષ્ટમી મહોત્સવ સમિતિના નેજા હેઠળ યોજાનાર શોભાયાત્રાના સંયોજક પદે રાજદિપસિંહ જાડેજા તથા સહસંયોજક પદે તિર્થરાજસિંહ ગોહીલની વરણી**

## રાજકોટ લાઈવ રેડિયો દ્વારા ૨૯મીએ રફી સાહેબને સ્વરાંજલિ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭



મહાન પાર્શ્વગાયક મોહમદ રફી સાહેબની ૪૨મી પુણ્યતિથિને અનુલક્ષીને તા.૨૯ ને શુક્રવારે રાત્રે ૯ કલાકે રાજકોટ લાઈવ રેડિયો દ્વારા ફરીશતે કી આવાઝ શીર્ષકથી એક સ્વરાંજલિ કાર્યક્રમનું આયોજન અરવિંદ મણીયાર હોલ જ્યુબિલી બાગ ખાતે કરવામાં આવ્યું છે. દિનેશ બાલાસરા પ્રસ્તુત આ કાર્યક્રમમાં દિગેશ માંકડ, રાજ પંજાબી અને દીપ્તિ બાલાસરા રફી સાહેબના યાદગાર ગીતોની રજૂઆત કરશે. વિનામૂલ્યે પ્રવેશકાર્ડ તા.૨૮ ને ગુરૂવારે સવારે ૧૧ થી ૧૨.૩૦ દરમિયાન ધરતી પેઈન્ટ્સ, હનુમાન મઢી ચોક, ચેતના મેડિકલની બાજુમાં, નિર્મલા કોન્વેન્ટ રોડ ખાતેથી મેળવી લેવા સંગીતપ્રેમીઓને જણાવાયું છે. તેમ જણાવ્યું છે.

## રાજકોટમાં વેપારીઓ સાથે આમ આદમી પાર્ટીના સર્વેસર્વા અરવિંદ કેજરીવાલે સંવાદ કર્યો

# 'આપ' વાયદા પૂરા કરવામાં અસફળ રહે તો બીજી વખત મત ન આપતાઃ કેજરીવાલ

**ગુજરાતના વેપારીઓને પાંચ ગેરન્ટીઃ (૧) ડરનો માહોલ ખતમ કરશું, (૨) ઈજ્જત આપશું, (૩) ભ્રષ્ટાચારથી મુકિત આપશું, (૪) જીએસટી સરળ બનાવશું, (૫) સરકારમાં ભાગીદારી આપશું...**

**'આપ' ના નેતા ઈસુદાન ગઢવી, ઈન્દ્રનીલ રાજયગુરૂ, ગોપાલ ઈટાલિયા, શીવલાલ બારસીયા વગેરે દ્વારા દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલનું ઉષ્માભેર સ્વાગત-સન્માન કરાયું**








**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય કન્વીનર અને દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ ૨ દિવસની ગુજરાત મુલાકાતે આવી પહોંચ્યા હતા. આમ આદમી પાર્ટીના નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઇસુદાન ગઢવી અને નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઈન્દ્રનીલ રાજગુરૂ સહિત પાર્ટીના ઘણા નેતાઓ અને કાર્યકરોએ અરવિંદ કેજરીવાલનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. ગઈકાલે સોમનાથ મહાદેવના દર્શન-પૂજન બાદ તેમણે રાજકોટ પહોંચીને વેપારીઓ સાથે સંવાદ કર્યો હતો. આમ આદમી પાર્ટી રાષ્ટ્રીય સંયોજક અરવિંદ કેજરીવાલે વેપારીઓને સંબોધતા કહ્યું કે, ભાજપના પાછલા ૨૭ વર્ષના શાસનમાં વ્યાપારીઓ સાથે મિટિંગ તો ઘણી કરી હશે જેમાં વ્યાપારીઓને ફક્ત ભાષણ સાંભળવા માટે બોલાવવામાં આવે છે. દેશમાં ફક્ત આમ આદમી પાર્ટી જ છે જે જનતાની વાત સાંભળે છે. બધા વ્યાપારીઓને કહેવા માંગુ છું કે આમ આદમી પાર્ટીના શાસનમાં દિલ્હીમાં કોઈ પ્રોફેશનલ ટેક્સ લેવાતો નથી. MSME એ ભારત દેશની અર્થવ્યવસ્થામાં ખુબ જ મહત્વનો ભાગ ભજવે છે. સરકારો દ્વારા સૌથી વધારે MSME ના લોકોને દબાવવામાં આવે છે. પણ મારુ માનવું છે કે, MSME સેક્ટરને પુરી સ્વતંત્રતા સાથે વ્યાપાર કરવાનો મોકો મળવો જોઈએ અને તેની સાથે જ MSME સેક્ટરને વીજળી સસ્તી મળવી જોઈએ અને બીજી પણ સુવિધાઓ પણ મળવી જોઈએ.

અરવિંદ કેજરીવાલએ કહ્યું કે, મારા મતે GST ની વ્યવસ્થા સંપૂર્ણ રીતે યોગ્ય નથી. ખૂબ જ જટિલ કરી દેવામાં આવી છે. તેને સરળ બનાવવાની જરૂર છે. જ્યારે શરૂઆતમાં દિલ્હીમાં આમ આદમી પાર્ટીની સરકાર બની હતી ત્યારે સંપૂર્ણ રેવન્યુ 30000 કરોડ હતું, અને આજે ૭ વર્ષ પછી દિલ્હીનું રેવન્યુ ૭૫૦૦૦ કરોડ છે. તેનો મતલબ છે કે, વ્યાપારીઓ પર વિશ્વાસ રાખવાની જરૂર છે કેમ કે આ બધો ટેક્સ વ્યાપારીઓએ ભર્યો છે. આમ આદમી પાર્ટીની સરકાર આવ્યા પછી દિલ્હીમાં રેડ રાજ બંધ કરી દેવામાં આવ્યું, વ્યાપારીઓ પર કારણ વગર રેડ પાડવાનું બંધ કરવામાં આવ્યું અને તેમના પર વિશ્વાસ રાખવામાં આવ્યો ત્યારે જઈને દિલ્હીનું રેવન્યુ વધ્યું છે.

આમ આદમી પાર્ટીની સરકાર ઈમાનદાર સરકાર છે એટલે દિલ્હીમાં ભ્રષ્ટાચાર બંધ કરાઈ દીધો છે. દિલ્હીમાં સવા 300 કરોડનો ફ્લાયઓવર અમે ૨૦૦ કરોડમાં જ બનાવી દીધો કેમ કે, અમે લોકોના પૈસા નથી ખાતા, અમે ઈમાનદાર પાર્ટીથી જનતાની સેવા માટે આવ્યા છીએ. આવી જ રીતે ભ્રષ્ટાચાર રોકી પૈસા બચાવતા CAG નો રિપોર્ટ અનુસાર આજે આખા ભારત દેશમાં માત્ર દિલ્હીની જ એકમાત્ર સરકાર છે જે નફામાં ચાલી રહી છે.

અરવિંદ કેજરીવાલે કહ્યું કે, આજે હું ગુજરાતના વ્યાપારીઓને ૫ વાતો, ૫ વાયદા અને ૫ ગેરેન્ટી આપવા માંગું છું. (૧) ડરનો માહોલ સંપૂર્ણ રીતે ખતમ કરી દઈશું, નીડરતા અને શાંતિ સાથે વ્યાપાર કરવાનું વાતાવરણ બનાવશું. (૨) દરેક વ્યાપારીને તે ઈજ્જત આપશું જેનાએ હકદાર છે. (૩) ભ્રષ્ટાચારથી મુક્તિ આપીશું, જે ફક્ત આખા દેશમાં કટ્ટર ઈમાનદાર આમ આદમી પાર્ટી જ આપી શકે છે. (૪) VET ના અને બીજા જેટલા પણ રિફંડ પેન્ડિંગ પડ્યા છે, તે બધા ૬ મહિનામાં ચુકતા કરી દઈશું અને GST ને સરળ બનાવશું. (૫) એક એવી વ્યવસ્થા લાગુ કરવામાં આવશે, જેમાં વ્યાપારીઓને પાર્ટનરશીપ આપવામાં આવશે, દરેક સેક્ટરથી એક પ્રતિનિધિ ઉભો કરવામાં આવશે જે વ્યાપારીઓની દરેક સમસ્યા અને સુજાવ સરકાર સામે રજૂ કરશે અને સરકાર તરફથી તે પ્રમાણે વ્યવસ્થા લાગુ કરવામાં આવશે.

અંતમાં તેમણે કહ્યું કે, જો દિલ્હીમાં તમારા કોઈ મિત્ર કે પરિવાર હોય તો તેમની સાથે વાતચીત કરીને પૂછી લો કે દિલ્હીમાં સરકાર કેવી ચાલે છે. જો તે લોકો કહે કે, સરકાર બરાબર નથી ચાલી રહી તો તમે અમને મત ના આપતા પરંતુ, જો તે લોકો કહે કે હા, દિલ્હીમાં સરકાર ખૂબ જ વ્યવસ્થિત ચાલી રહી છે તો એક મોકો તો આમ આદમી પાર્ટીને બને જ છે. જો આમ આદમી પાર્ટી ગુજરાતમાં કરેલા વાયદાઓ ૫ વર્ષમાં પુરા કરવામાં અસફળ રહે છે તો અમને બીજી વખત વોટના આપતા. આ મહત્વપૂર્ણ કાર્યક્રમમાં મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સાથે આમ આદમી પાર્ટીના ગુજરાત ચૂંટણી પ્રભારી ગુલાબસિંહ યાદવ, નેશનલ જોઈન્ટ જનરલ સેક્રેટરી ઇસુદાન ગઢવી, નેશનલ જોઈન્ટ સેક્રેટરી ઇન્દ્રનીલ રાજગુરૂ, પ્રદેશ પ્રમુખ ગોપાલ ઈટાલિયા અને પ્રદેશ ટ્રેડ વિંગ પ્રમુખ શીવલાલભાઈ બારસીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું છે.

# વિજ્ઞાન ગુર્જરી દ્વારા સેમિનાર



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

દેશભરમાં આઝાદી કા અમૃત મહોત્સવ ૭૫ વર્ષની વિવિધ કાર્યક્રમો મારફત ઉજવણી થઈ રહી છે ત્યારે ગુજરાત રાજયનું વિજ્ઞાન ટેકનોલોજી ક્ષેત્રે કાર્યરત વિજ્ઞાન ગુર્જરી મારફત સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨ નું આયોજન કરાયેલ. જેમાં વિજ્ઞાન અને ટેકનોલોજીના તજજ્ઞો ઉદ્યોગક્ષેત્ર, મેડિકલ ક્ષેત્રે, વૈજ્ઞાનિકો, ગણિત વગેરે ૭૫ નિષ્ણાંતો મારફત રાજયભરમાં ૭૫ કાર્યશાળાઓનું નિઃશુલ્ક આયોજન કરી શાળા-કોલેજના છાત્રોને વિજ્ઞાન અને ટેકનોલોજીમાં રૂચી વધે અને સ્વદેશી ટેકનોલોજીના ઉપયોગથી આત્મનિર્ભર ભારતનું સ્વપ્ન સાકાર કરવામાં યુવા પેઢીના મહત્ત્વના યોગદાન રહે તે માટે નેશનલ રેકોર્ડ રચાઈ તે પ્રકારે સ્ટુડન્ટ ઈનોવેશન ફેસ્ટ-૨૦૨૨ નું આયોજન કરાયેલ છે. વિજ્ઞાન ગુર્જરીના રાજકોટ એકમ મારફત ૬ કાર્યશાળાઓનું આયોજન કરવામાં આવનાર છે. જેમાં છાત્રોને તેમની કારકિર્દીમાં ઉપયોગ થાય તે પ્રકારના વિષયો અને તજજ્ઞો મારફત આયોજન કરવામાં આવે છે. આ એક દિવસીય કાર્યશાળામાં રાષ્ટ્રીય સ્વયં સેવક સંઘના અગ્રણી અને સ્પીપા રાજકોટના તજજ્ઞ નરેન્દ્રભાઈ દવે, વિજ્ઞાન ગર્જરીના પ્રદીપભાઈ જોષી, ડો. નિકેશભાઈ શાહ, તલાટી મંત્રી જય ચોટલીયા વગેરેએ ઉપસ્થિત રહી ભાગ લેનાર છાત્રોને માર્ગદર્શિત કરેલ હતા. વિદ્યાર્થીઓને માર્ગદર્શીત કરતાં નરેન્દ્રભાઈ દવેએ વૈદિક ગણિતનો ઉલ્લેખ કરી છાત્રોને સ્પર્ધાત્મક પરીક્ષાનું ગણિત માટે સરળ તકનીકો સમજી તૈયારી કરવાનું જણાવેલ અને સ્પીપામાં કઈ પ્રકારની તાલીમ આપવામાં આવે છે. તે અંગે માર્ગદર્શિત કરેલ હતા. કાર્યશાળાને સફળ બનાવવા ટીમ સીસીડીસીના સુમિતભાઈ મહેતા, ચિરાગભાઈ તલાટીયા, દિપ્તીબેન ભલાણી, આશીષભાઈ કિડીયા, હીરાબેન, સોનલબેન વગેરેએ જહેમત ઉઠાવેલ હતી.

## બે દિવસીય પર્વતારોહણ શિબિર યોજાશે

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

ગુજરાત સરકારના રમત ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર આયોજીત અને જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા સંચાલિત સાહસિક પ્રવૃત્તિઓ અર્થે જમીન, પર્વત તથા દરિયાઈ પ્રવૃત્તિને ધ્યાનમાં લઈ ૧૫ થી ૪૫ વયજુથના યુવક-યુવતીઓ માટે બિનનિવાસી પર્વતારોહણ તાલીમ શિબિરનું આવનારા દિવસોમાં આયોજન કરવામાં આવશે. તેમ રાજકોટ જિલ્લા યુવા વિકાસ અધિકારી એચ.વી. દિહોરાની યાદીમાં જણાવાયું છે.

## રાજકોટ જિલ્લાની ૧૮૧ અભયમ ટીમની સરાહનીય કામગીરી

# અસ્થિર મગજની બે મહિલાઓનું પરિજનો સાથે પુનઃ મિલન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

પારિવારિક સમસ્યામાં સમાધાન અર્થે કાર્યરત ૧૮૧ અભયમ હેલ્પલાઇન સાચા અર્થમાં સંબંધોને જોડવાનું કાર્ય કરે છે. સાથેસાથ કોઈ કારણોસર ઘરથી વિખુટી પડી ગયેલી મહિલાઓ કે ઘર છોડી દીધેલ અનેક મહિલાઓને તેના ઘર તરફ પુનઃવાળવાની ઉમદા કામગીરી પણ નિભાવે છે.

ઘરેથી દૂર નિકળી જવાની બે અલગ અલગ ઘટનાઓ રાજકોટ જિલ્લામાં તાજેતરમાં ઘટી હતી. તા.૨૩ જુલાઈની રાત્રે અગિયાર વાગ્યા આસપાસ રૈયારોડ પર એક વૃદ્ધા ગંભીર હાલતમાં ૧૮૧ની ટીમને મળ્યા હતા. વૃદ્ધાના માથામાં ગુમડા થયા હતા.વારંવાર ખંજવાળના કારણે લોહી અને પરું પણ આવતા હતા. જેથી માનસિક સભાનતા ગુમાવેલા વૃદ્ધા છેલ્લા બે દિવસથી ઘર છોડી ચાલ્યા ગયાનું માલુમ પડ્યું હતું.

અભયમની ટીમ દ્વારા વૃદ્ધાનું કાસ્લિંગ કરી તેમના રહેઠાણની માહિતી અંગે પૂછતાછ કરવામાં આવી હતી. પરંતુ માનસિક રીતે અસ્વસ્થ હોવાથી પૂરું સરનામું જણાવવામાં ક્ષમતા ન ધરાવતી વૃદ્ધાને કાલાવડ રોડ, વાછડાદાદાના મંદિરની આજુબાજુ લઈ જવામાં આવ્યા. તે વિસ્તારમાં વસતા રહેવાસીઓને વૃદ્ધા અંગે પૂછતાછ કરતાં તેમના પુત્રની ભેટ થઈ અને વૃદ્ધાને તેમના પુત્રને સોંપવામાં આવી હતી.

આવી જ એક બીજી ઘટના આજીડેમ પોલીસ સ્ટેશન ખાતે નોધાઈ હતી. જે અંતર્ગત મહિલા છેલ્લા પાંચ દિવસથી ઘરેથી પરિવારજનોને જાણ કર્યા વગર નીકળી ગઈ હતી. જે માંડા ડુંગરે કઈ રીતે પહોચી તેની જાણ ખુદને પણ ન હતી. આશરે ૩૫ વર્ષીય મહિલાના માથાના ભાગમાં ટાંકા આવેલા હતા. પૂછપરછ દરમ્યાન ચોટીલા સાથેનું કનેકશન મળતા ચોટીલા પોલીસ સ્ટેશનનો સંપર્ક સાધવામાં આવ્યો હતો. જ્યાંથી તેમના પિતાનો સંપર્ક કર્યો અને તેમની સાથે વાતચીત કરતાં જાણવા મળ્યું હતું કે, તેઓની માનસિક સ્થિતિ સામાન્ય ન હોવાથી છેલ્લા પાંચેક દિવસથી ઘર છોડીને ચાલી ગયા હતા. જેની પોલીસ સ્ટેશનમાં ફરિયાદ પણ નોંધાવી હતી.

શરૂઆતમાં મહિલા ઘરે જવા રાજી ન હતી. પરંતુ ૧૮૧ અભ્યમ ટીમ કોમલબેન સોલંકી, નયનાબેન અને કૌશિકભાઈ દ્વારા કાઉન્સેલિંગ કરી તેમના પિતા અને બહેનને સોંપી હતી. આમ બે દિવસમાં ૧૮૧ અભયમ ટીમ દ્વારા માનસિક સ્થિતિ સારી ન ધરાવતી મહિલાઓનું તેમના પરિજનો સાથે પુનઃમિલન કરાવ્યું હતું.

## આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત

# વિંછીયા તાલુકામાં દિવ્યાંગ સર્ટિફિકેટ કેમ્પ યોજાયો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

દિવ્યાંગ બાળકોને કોઈપણ પ્રકારની મુશ્કેલી વિના સ્થળ પર જ દિવ્યાંગતાનું સર્ટિફિકેટ મળી રહે તે માટે આઝાદી કા અમૃત મહોત્સવ અંતર્ગત રાજકોટ જિલ્લાના વિંછીયા તાલુકાના સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે દિવ્યાંગ સર્ટિફિકેટ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ કેમ્પ અંતર્ગત કુલ ૧૩૬ દિવ્યાંગજનોને દિવ્યાંગતાના સર્ટિફિકેટ આપવામાં આવ્યા હતા. જેમાં ૬૭ ઓર્થોપેડીક વિભાગના અને ૧૮ મનોચિકિત્સક વિભાગના દિવ્યાંગોનો સમાવેશ થાય છે. આ કેમ્પને સફળ બનાવવા માટે વિંછીયા તાલુકા હેલ્થ ઓફિસર ડો.રાજા ખંભાલા અને સી.એચ.સી. સુપ્રિટેન્ડન્ટ ડો.રાકેશ બુદ્ધની ટીમ રોકાયેલી હતી. આ સાથે સમાજ કલ્યાણ વિભાગના કર્મચારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા.

## ૭ વર્ષની લાં...બી વહીવટી પ્રક્રિયા પૂર્ણ થતાં કામ શરૂ થશે

# કુંકાવાવ તાલુકા પંચાયતનું નવું મકાન હવે બનશે

**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૨૭

કુંકાવાવ તાલુકા પંચાયતનું બિલ્ડીંગ નવું બનાવવા માટે છેલ્લા ૧૦ વર્ષથી અનેક આગેવાનો, કાર્યકરો તેમજ વિવિધ સામાજીક સંસ્થા તથા તમામ રાજકીય આગેવાનો દ્વારા અતિ જર્જરીત બિલ્ડીંગનાં સ્થાને નવું બિલ્ડીંગ બનાવવા માટે અવાર-નવાર લેખિત-મૌખિક રજૂઆતો તાલુકાકક્ષાએથી મુખ્યમંત્રી સુધી કરવામાં આવી હતી પણ રાજકીય આટા પાટા અને વહીવટી પ્રક્રિયા જેવી કે, જમીન સંપાદન તથા ડીઝાઈન નકશામાં





અનેકવાર વિવિધ કારણોસર ફેરફાર તેમજ કવેરી કાઢવામાં આવતી હતી. જેના કારણે આ તાલુકા પંચાયત માટે નવી જગ્યા તેમજ બિલ્ડીંગ બનાવવાની પ્રક્રિયા ઘણા વર્ષો ચાલી અંતે રાજય સરકાર દ્વારા તાલુકા પંચાયત માટે નવી જગ્યાએ જમીન હસ્તગત કરીને અદ્યતન બિલ્ડીંગ બે વર્ષમાં પૂર્ણ કરવાનો હુકમ કરતા તાલુકા પંચાયતનાં અધિકારી અને કર્મચારીઓ તેમજ રજૂઆત કરનારા લોકોની મુશ્કેલીઓ દૂર થશે.

# દામનગરને રેલ્વે સ્ટોપ આપવામાં આવતું નથી

**(મિલાપ રૂપારેલ દ્વારા)**
અમરેલી, તા.૨૭



અમરેલી જિલ્લાની નબળી નેતાગીરીના કારણે મુખ્ય મથક અમરેલીને તો બ્રોડગેજ રેલ્વેની સુવિધા મળતી નથી પરંતુ જે શહેરમાંથી બ્રોડગેજ રેલ્વે નિયમિત પસાર થઈ રહી છે તેવા દામનગર શહેરને મહુવા- સુરત વચ્ચેની રેલ્વેનો સ્ટોપ આપવામાં પણ એક દાયકાથી માત્ર વચન અને આશ્વાસન જ આપવામાં આવી રહ્યાં છે. અમરેલી જિલ્લામાં સત્તાધારી પક્ષનાં એક સાંસદ તેમજ એક કેન્દ્રીય મંત્રી હોવા છતાં પણ અમરેલી જિલ્લાને રેલ્વે વિભાગથી અન્યાય થઈ રહ્યો છે. દામનગરના આગેવાનોને એક દાયકાથી નાના-મોટા આગેવાનો અને રેલ્વેના અધિકારીઓ સ્ટોપ આપવાની ખાત્રી આપી રહ્યા છે પરંતુ હજુ સુધી કોઈ પરિણામ મળતું નથી. સમગ્ર પંથકની જનતામાં રાજકીય આગેવાનો સામે નારાજગી જોવા મળી રહી છે.

# આર.કે. યુનિવર્સિટી ખાતે વીજળી મહોત્સવનું આયોજન

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**
રાજકોટ, તા.૨૭

આઝાદી કા અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત વિદ્યુતક્ષેત્રની વિવિધ સિદ્ધિઓને જન-જન સુધી પહોંચાડવા માટે તા. ૨૫ જૂલાઈ થી ૩૦ જૂલાઈ સુધી દેશના ૭૭૩ જિલ્લામાં ઉર્જા મંત્રાલય અને MNRE, રાજય અને કેન્દ્ર સરકારના સહયોગથી ઉજ્જવલ ભારત, ઉજ્જવલ ભવિષ્ય વીજળી મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. દરેક જિલ્લામાં બે સ્થળોએ આ ઉજવણી કરવામાં આવી રહી છે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં તા.૨૭ અને ૨૯ ના રોજ ધોરાજી અને જસદણ એમ બે તાલુકામાં કાર્યક્રમો યોજાશે. રાજકોટ જિલ્લાનાં ધોરાજીના તા.૨૭ જુલાઈના રોજ લેઉવા પટેલ સાંસ્કૃતિક ભવન તથા તા.૨૯ જુલાઈના રોજ જસદણ તાલુકા અંતર્ગત આર. કે. યુનિવર્સિટી ઓડિટોરીયમ, ત્રંબા ખાતે વીજળી મહોત્સવ કાર્યક્રમનું આયોજન થવા જઈ રહ્યું છે. ઉલ્લેખનીય છે કે ૩૧ જૂલાઈના રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ કાર્યક્રમના સંદર્ભે વીડિયો કોન્ફરન્સના માધ્યમથી લોકોને સંબોધિત કરવાના છે. આ કાર્યક્રમમાં વિદ્યુતક્ષેત્રની વિવિધ રાજ્યોની પ્રગતિને દર્શાવતી ટૂંકી ફિલ્મો, લાભાર્થીઓના પ્રતિભાવ, લોકોને વીજળી બચાવવા અંગે માહિતગાર કરવામાં આવશે.

# વલસાડ જિલ્લામાં દારૂના ધંધાર્થીઓ પર દરોડા

**એસ.પી. રાજદીપસિંહ ઝાલાની કડક સુચનાથી દેશીદારૂના ૧૫ અડ્ડા પર પોલીસ ટીમ ત્રાટકી**





**(કાર્તિક બાવીશી દ્વારા)**
વલસાડ, તા.૨૭

વલસાડ જિલ્લા પોલીસ વડા ડો રાજદીપસિંહ ઝાલા દ્વારા જિલ્લાના તમામ પોલીસ મથકોને કડક સૂચના આપવામાં આવી છે કે દારૂબંધીનો અમલ ચુસ્તપણે કરવાનો રહેશે. જેથી વલસાડ જિલ્લા પોલીસ દારૂ વેચનાર પર તૂટી પડી હતી. રાજ્યમાં ચાલી રહેલા લઠ્ઠાકાંડને લઈને વલસાડ સીટી સહિત તાલુકાની પોલીસે દેશી દારૂના અડ્ડા ઉપર રેડ કરી હતી. જેમાં વલસાડ સીટી પોલીસે દેશી દારૂના ૭ અડ્ડા ઉપર રેડ કરીને ૮ ઇસમોને દેશી દારૂ વેંચતા ઝડપી પાડયા હતા.

જયારે રૂરલ પોલીસે ગ્રામ્ય વિસ્તારમાં ૫ દેશી દારૂના અડ્ડાઓ ઉપર છાપા મારીને ૫ મહિલાઓને ઝડપી પાડી હતી. જ્યારે ડુંગરી પોલીસે ૩ દેશી દારૂના અડ્ડા ઉપર રેડ કરીને ૩ ઇસમોને દારૂનો વેપલો કરતા ઝડપી પાડયા હતા. વલસાડ જિલ્લાના ૩ પોલીસ મથકોમાં આવતા દારૂના અડ્ડાઓ ઉપર પોલીસે સફળ રેડ કરી હતી. જ્યારે ૧૫થી વધુ ઘરોમાં રેડ દરમ્યાન દારૂનો જથ્થો ન મળતા નિલ રેડ કરવામાં આવી હતી.

# બાઈક કે કારમાં કરેલ લખાણ પોલીસ કયા કાયદા હેઠળ દૂર કરાવી શકે?

## ભારત સરકાર, ગવર્મેન્ટ ઓફ ગુજરાત અને પોલીસ લખેલા પ્રાઈવેટ વાહનો કેમ ડીટેઈન કરવામાં નથી આવતા તેવો પોલીસ કમિશનરને વેધક સવાલ કરતા મહેશ રાજપૂત






એકને ગોળ અને બીજાને ખોળની નીતિ અપનાવી પોલીસે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યોઃ મહેશ રાજપૂતના આકરા પ્રહારો

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ.તા.૨૭

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી મહેશભાઈ રાજપૂતે જણાવ્યું છે કે આજરોજ પોલીસ દ્વારા પોલીસ કમિશનર કચેરીની બહાર ઉભા રહી ટ્રાફિક પી.આઈ., પી.એસ.આઈ. અને પોલીસ સ્ટાફ દ્વારા ખાનગી વાહનો ટુ વ્હિલ, થ્રી વ્હીલ, અને ફોર વ્હીલનું ચેકિંગ કરવામાં આવ્યું છે. જેમાં પોલીસ દ્વારા સરકારી કચેરીના નામ, એડવોકેટ, સહિતના લખાણો દૂર કરાવી રહ્યા છે. જેમાં પ્રજા મૂંગા મોઢે સહન કરી લખાણ દૂર કરાવવા સહમતી આપી રહી હોય તેવું લાગી રહ્યું છે. તેમજ જયારે પ્રજાની લાગણી અને માંગણી એવી છે કે ભારત સરકાર, ગુજરાત પોલીસ, પોલીસ, ગવર્મેન્ટ ઓફ ગુજરાત સહિતના લખાણો લખાયેલ વાહનો અને કાળા કાચ દૂર કરવાની કામગીરી પોલીસ કેમ નથી કરી રહી તેમજ જયારે પ્રાઈવેટ વાહનો જયારે સરકારના વિવિધ વિભાગોના નામોનો નેમ પ્લેટનો ઉલ્લેખ કરેલ હોય તેની સામે કેમ કાઈ પગલા લેતા નથી!!! વધુમાં જયારે ખૂદ પોલીસ વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ નંબર પ્લેટ વગરના વાહનો ચલાવે છે ત્યારે તેની સામે પોલીસ કેમ કાઈ કરતી નથી ? કેમ દંડ વસુલતા નથી ? કેમ કડક કાર્યવાહી થતી નથી ? તેમજ ખાનગી વાહનોના કાળા કાચ, વાહનના કાગળ, નંબર પ્લેટ જ જોવાની કામગીરી પોલીસની છે.

રાજપૂતે વધુમાં જણાવ્યું છે કે પ્રજા આ બધું મૂંગા મોઢે સહન કરી રહી છે. ત્યારે પોલીસ બેધારી નીતિ કેમ અપનાવે છે ? એકને ગોળ અને બીજાને ખોળની નીતિ અપનાવી પોલીસે પ્રજાનો વિશ્વાસ ગુમાવ્યો છે.

તેમજ ખાનગી કોન્ટ્રાકટર દ્વારા જયારે વાહન ટોઈંગ કરવામાં આવે છે તે કામગીરી અતિ ખરાબ રીતે થઇ રહી છે ટુ વ્હીલના જેમ તેમ ઘા કરવામાં આવે છે અને ફોર વ્હીલના આગળના પડિયા તોળી નાખવામાં છે અને મોંઘા વાહનને નુકશાન થાય ત્યારે તે હવે આ ટોઈંગ કોન્ટ્રાકટરે જ ભોગવવાનું રહે તેવું પોલીસ કમિશનરે હુકમ કરવો જોઈએ. તેવી પ્રજા વતી લાગણી અને માંગણી કરતા મહેશભાઈ રાજપૂતે જણાવ્યું છે.

# ભારે વરસાદથી આવક ૫૦% ઘટતા ગુવાર, ભીંડા, ટીંડોળાના ભાવ રૂ.૮૦ થી ૧૦૦ સુધી પહોંચ્યા

## જથ્થાબંધ અને છૂટક ભાવ વચ્ચે મોટો તફાવત, લીલા મરચાના ભાવ બમણા



**(એજન્સી સમાચાર)** અમદાવાદ, તા.૨૭

તાજેતરમાં પડેલા મૂશળધાર વરસાદને લીધે શાકભાજી મોંઘા થયા છે. વરસાદને લીધે શાકભાજીની આવક અડધી થઇ જતાં ભાવ બમણાં થઇ ગયા છે. જેને કારણે ભીંડા, ગુવાર, કાકડી, ટીંડોળા સહિતના શાકભાજીના ભાવ પ્રતિકિલો રૂ. ૮૦થી ૧૦૦એ પહોંચી ગયા છે. જ્યારે ચોળી તો બજારમાંથી ગાયબ જ થઇ ગઇ છે.

રાજયમાં પડેલા અવિરત વરસાદના કારણે પાકને નુકસાન થવાની સાથે ખેતરોમાં પાણી ભરાઇ ગયા છે. જેની સીધી અસર ભાવ પર પડી છે. દરેક લીલા શાકભાજી અત્યારે રૂ.૧૦૦ને આંબી ગયા છે. જ્યારે રોજિંદા વપરાશમાં આવતા ડુંગળી અને બટેટાના ભાવ પણ રૂ.૩૦ કિલો થઇ ગયા છે. જેના કારણે ગૃહિણીઓનું બજેટ ખોરવાઇ ગયું છે. હજુ પણ લીંબુના ભાવ છૂટક બજારમાં રૂ. ૭૦થી ૮૦ ચાલી રહ્યા છે. જ્યારે લીલા મરચાથી માંડીને સિમલા મરચાના ભાવ પણ બમણા થઇ ગયા છે. આગામી થોડા દિવસ સુધી શાકભાજીના ભાવવધારાનો માર લોકોએ સહન કરવો પડશે.

| શાકભાજી | છૂટક રૂ. | હોલસેલ રૂ. |
|---|---|---|
| ભીંડા | ૧૦૦ | ૬૫ |
| ટીંડોળા | ૧૧૦ | ૭૦ |
| ગુવાર | ૧૨૦ | ૮૦ |
| કંકોડા | ૨૦૦ | ૧૨૦ |
| મેથી | ૧૪૦ | ૮૦ |
| પરવર | ૧૧૦ | ૬૦ |
| રવૈયા | ૯૫ | ૪૫ |
| ચોળી | ૨૦૦ | ૧૧૦ |
| કારેલા | ૧૦૦ | ૫૫ |
| કોથમીર | ૨૦૦ | ૯૫ |

આઈશ્રી સોનલમાં એજ્યુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# ધો.૧૦ અને ૧૨માં ૯૦ PR મેળવનાર ચારણ ગઢવી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ

## તા.૧૭-૮ સુધીમાં ઓફિસનાં સરનામે પોતાનું નામ, સરનામું અને મોબાઈલ નંબર સાથે અરજી કરાવવી



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

આઈમાંના આદેશ અનુસારની ઘણી રચનાત્મક અને પરિણામલક્ષી પ્રવૃત્તિઓ આઈશ્રી સોનલમાં એજયુકેશન એન્ડ ચેરીટેબલ ટ્રસ્ટ, રાજકોટ કરી રહ્યું છે. અગાઉના વર્ષની જેમ આ વર્ષે પણ એજયુકેશન ક્ષેત્રે 'સોનલમા એજયુકેશનલ એવોર્ડ' આપવાનું નકકી કરેલ છે. જેમાં આ વર્ષે જે વિદ્યાર્થીઓએ ગુજરાત બોર્ડની ધો.૧૦ તેમજ ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહમાં સૌથી વધુ PR પ્રાપ્ત કરનાર સૌરાષ્ટ્ર-કચ્છના કોઈપણ ચારણ ગઢવી વિદ્યાર્થીને સોનલમા એજયુકેશન એવોર્ડ તથા રૂા.૧૧,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવશે. આ માટે તા.૧૭/૮ સુધીમાં છેલ્લી ૨૦૨૨ની પરીક્ષાની (૯૦ PR ઉપર માર્કસ હોય) તેવા વિદ્યાર્થીઓ માર્કશીટની ઝેરોક્ષ સાથે ઈન્દુબેન ધીરૂભાઈ ગઢવી મેમોરીયલ ટ્રસ્ટ, માધવ વાટીકા, ગોલ્ડન સુપર માર્કેટની બાજુમાં, સોજીત્રાનગર, આમ્રપાલી રોડ, રાજકોટ-૭, ઓફિસના સરનામે સાદા કાગળમાં પોતાનું નામ, સરનામું, મોબાઈલ નંબર સાથે અરજી કરવી. ટ્રસ્ટીઓની વ્યસ્તતાના કારણે કૃપા કરી ફોન પર સંપર્ક નહીં કરવા વિનંતી કરવામાં આવે છે. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩.૧૧)

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
ADVERSITING HERE
ઘરે બેઠા મિનિટોમાં વ્હોટ્સએપ દ્વારા આપની ટ્યૂકડી જાહેરાત પ્રસિધ્ધ કરાવો
એક લાઈનના 5 Rs.
મિનીમમ ૫ લાઈન ફરજીયાત
+5%GST
122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ
Mo: 9033344426

# ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયાનું સન્માન કરાયું





**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

ગત તા. ૨૪ ને રવિવારના રોજ રાજકોટ તાલુકાના નાકરાવાળી ગામે સંતશ્રી વેલનાથ મિત્રમંડળ નાકરાવાળી તેમજ ગામના આગેવાનો વડીલો દ્વારા ગુજરાત ચુંવાળીયા કોળી સમાજના પ્રમુખ ધર્મેશભાઈ જંજવાડીયા તેમજ અમરનાથની યાત્રા કરનારનું ફુલહારથી સન્માન કરવામાં આવ્યુ. આ પ્રસંગે હાજર વોર્ડ નં. ૩ ના કોર્પોરેટર બાબુભાઇ ઉધરેજા, વોર્ડ નં. ૪ ના કોર્પોરેટર કંકુબેન કાનાભાઇ ઉધરેજા, GCKS ના પ્રદેશ સહમંત્રી ભરતભાઈ બાળોન્દ્રા DCKS ના રાજકોટ શહેર પ્રમુખ ભરતભાઈ ડાભી, સંતશ્રી વેલનાથ જન્મજયંતિ ઉત્સવ સમિતિના પ્રમુખ દેવભાઇ કોરડીયા, બેડીગામના સરપંચ પ્રતાપભાઇ રીબડીયા, પીપળીયા ગામના સરપંચ કાનજીભાઇ ચારોલા, માજી સરપંચ જેન્તીભાઇ રોળીયા, ધમલપર ગામના સરપંચ હિતેષભાઇ ધોળકીયા, રાજકોટ તાલુકા ભાજપ અગ્રણી વિપુલભાઇ બસીયા, સુરેશભાઇ બટુકીયા, શામજીભાઇ ડાભી, કમલેશભાઇ ઉધરેજા તેમજ ગામના રમેશભાઇ દેતેસરીયા, રણજીતભાઇ જંજવાડીયા, મનસુખભાઈ રામભાઈ ધીણોજા, રોહીતભાઇ તેમજ માજી સરપંચ ઘુભાઇ જંજવાડીયા ઉપસ્થિત રહેલ. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# રાજકોટમાં બનાવાશે કારગીલ ચોક




### કારગીલ વિજય દિવસની સ્મૃતિમાં કલેકટર દ્વારા લેવાયો નિર્ણય

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

આજથી ૨૩ વર્ષ પહેલાં ભારતીય સૈનિકોએ કારગીલની પહાડીઓ પર પાકિસ્તાની સૈનિકોને હરાવીને યુદ્ધને જીતી લીધું હતું. આ દિવસને કારગીલ વિજય દિવસ તરીકે મનાવવામાં આવે છે. કલેકટર કચેરીમાં જિલ્લા કલેકટર અરૂણ મહેશ બાબુના અધ્યક્ષસ્થાને નિવૃત સૈનિકો તથા સૈનિકોની વિધવાઓના સન્માનનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કલેક્ટરએ જણાવ્યું હતું કે, કારગીલ વિજય દિવસની સ્મૃતિમાં રાજકોટ શહેરમાં કારગીલ ચોક બનાવવામાં આવશે.

આ કાર્યક્રમમાં કારગીલ યુદ્ધમાં શહીદ થયેલા ગુજરાતના ૧૨ શહીદ જવાનોને બે મિનિટનું મૌન પાળીને શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવી હતી. બાદમાં કલેક્ટરએ કહ્યું હતું કે, આપણા દેશના સૈનિકોએ સરહદો પર લડીને દેશના અમૂલ્ય વારસાનું જતન કર્યું છે. કારગીલ યુદ્ધમાં ઈન્ડિયન આર્મી અને એરફોર્સના અનેક જવાનોએ દાખવેલા સાહસ બદલ તેમને જેટલા પ્રણામ કરીએ તેટલા ઓછા છે. કારગીલ વિજય દિવસને ધ્યાને રાખીને રાજકોટ શહેરમાં કારગીલ ચોક બનાવવામાં આવશે તેમજ સૈનિકો માટે ગેસ્ટ હાઉસમાં અન્ય સુવિધામાં વધારો કરવામાં આવશે. આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી દેવ ચૌધરી, નિવૃત કર્નલ સંજય દઢાણીયા, સૈનિક વેલ્ફેર બોર્ડના કૌશિકભાઈ સહિતના અનેક નિવૃત સૈનિકો અને તેના પરિવારજનો ઉપસ્થિત રહ્યા હતા. તેમ યાદીમાં જણાવ્યું છે.(૧૩)

# ગુજરાતમાં સાર્વત્રિક હળવો-ભારે વરસાદઃ ઇડરમાં ચાર ઇંચ

## ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લાના ૧૮૯ તાલુકામાં વરસાદઃ અમદાવાદમાં વધુ એક ઇંચ ખાબક્યો



**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ,તા. ૨૭

સૌરાષ્ટ્રને બાદ કરતાં ગુજરાતના બાકીના ભાગોમાં સાર્વત્રિક હળવો-ભારે વરસાદ નોંધાયો હતો. અમદાવાદમાં રાત્રે ફરી એક વખત ધોધમાર પાણી વરસ્યું હતું અને રસ્તાઓ જળબંબાકાર બન્યા હતા. સ્ટેટ ઇમરજન્સી ઓપરેશન સેન્ટરના રિપોર્ટ પ્રમાણે છેલ્લા ૨૪ કલાક દરમિયાન ૩૨ જિલ્લાના ૧૮૯ તાલુકામાં વરસાદ પડ્યો હતો.

સૌથી વધુ ચાર ઇંચ વરસાદ સાબરકાંઠા જિલ્લાના ઇડરમાં નોંધાયો હતો. ઉત્તર ગુજરાતમાં મધ્યમથી ભારે વરસાદ વરસતો રહ્યો હોય તેમ પાટણના સરસ્વતી, અરવલ્લીના ભીલોડામાં પણ સાડા ત્રણ ઇંચ પાણી વરસ્યું હતું. પાટણ શહેરમાં ધોધમાર અઢી ઇંચ વરસાદ થતા નીચાણવાળા ભાગો રેલમછેલ થયા હતા. બનાસકાંઠામાં સર્વત્ર એકથી બે ઇંચ વરસાદ નોંધાયો હતો. સાબરકાંઠા જિલ્લાનાં ઇડરમાં ચાર ઇંચને બાદ કરતાં અન્યત્ર એકથી બે ઇંચ વરસાદ પડ્યો હતો.

અરવલ્લી, ગાંધીનગર, મહેસાણામાં પણ એકથી અઢી ઇંચ વરસાદ થયો હતો. મધ્ય ગુજરાતમાં અમદાવાદમાં મોડીરાત્રે ધોધમાર એક ઇંચ પાણી વરસ્યું હતું. છોટા ઉદેપુર, આણંદ અને ખેડા જિલ્લામાં પણ સાર્વત્રિક અડધાથી દોઢ ઇંચ વરસાદ નોંધાયો હતો. દક્ષિણ ગુજરાતમાં પણ સામાન્યથી હળવો વરસાદ હતો. તાપી, નર્મદા અને ભરૂચ જિલ્લામાં સર્વત્ર એક ઇંચ સુધીનો વરસાદ નોંધાયો હતો.

સમગ્ર રાજયમાં સરેરાશ ૧૧.૭૪ મીમી પાણી વરસ્યું હતું. અત્યાર સુધીનો કુલ વરસાદ ૫૮૮.૫૦ મીમી નોંધાયો છે જે સિઝનનો ૬૯.૨૨ ટકા થવા જાય છે. ઝોનવાઇઝ વરસાદમાં કચ્છમાં સૌથી વધુ ૧૧૭.૧૬ ટકા વરસાદ નોંધાયો છે, ઉત્તર ગુજરાતમાં ૫૫.૭૭ ટકા, મધ્ય ગુજરાતમાં ૬૦.૩૮ ટકા, સૌરાષ્ટ્રમાં ૬૧.૩૨ ટકા તથા દક્ષિણ ગુજરાતમાં ૮૧.૯૨ ટકા વરસાદ નોંધાયો છે.

જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ દ્વારા બેઠક યોજાઈ

# શાળાઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે જિલ્લા શિક્ષણાધિકારીને રજૂઆત



### શિક્ષણ નિરીક્ષકો સ્થળ તપાસ કર્યા વગર એકતરફી નકારાત્મક અભિપ્રાય આપતા હોવાનો સમિતિનો આક્ષેપ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)** રાજકોટ, તા.૨૭

ગત તા. ૨૬ ને મંગળવારના રોજ કરણસિંહજી હાઈસ્કૂલ રાજકોટ ખાતે રાજકોટ જિલ્લા શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં શહેર જિલ્લાની શાળાઓના વિવિધ પડતર પ્રશ્નો અંગે ચર્ચા વિચારણા થઈ હતી અને જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના જે કર્મચારી જાણી જોઈને શાળાઓના પ્રશ્નો ટલે ચડાવતા હોય, તેઓની ફરિયાદ તકેદારી આયોગમાં કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. બેઠક બાદ જિલ્લા શિક્ષણાધિકારીને રૂબરૂ મળી લેખિત આવેદન તેમજ મૌખિક રજૂઆત કરવામાં આવી હતી કે, રાજકોટ જિલ્લા શિક્ષણાધિકારી કચેરીમાં છેલ્લા ઘણા સમયથી કોઈપણ જાતના કામ સમયસર થતાં નથી. ટેબલ કારકુન આવેલી રજૂઆત આગળ વધારવાને બદલે દબાવી રાખે છે. વિલંબથી પણ રજૂઆત આગળ મોકલે તો ઓફિસ સુપ્રિટેન્ડેન્ટ દબાવી રાખે છે, જ્યારે સ્થળ તપાસ કરી અભિપ્રાય આપવાનો હોય ત્યારે શિક્ષણ નિરીક્ષકો મોટાભાગે સ્થળ તપાસ કર્યા વગર કે શાળા તરફથી આવેલ રજૂઆત ધ્યાને લીધા વગર એકતરફી નકારાત્મક અભિપ્રાયો આપે છે.

આમ ઘણા સમયથી જિલ્લા શિક્ષણાધિકારી કચેરી તેવા આક્ષેપો કર્યા હતાનો વહીવટ ખાડે ગયેલ હોય, તેમજ સરકારએ નિયત કરેલ સમય મર્યાદામાં કામો થતાં ન હોય. આ બધી રજૂઆતના પ્રત્યુતરમાં જિલ્લા શિક્ષણાધિકારી બી. એસ. કેલાએ હકારાત્મક અભિગમ રાખી જણાવ્યું હતું કે, દર મહિનાના છેલ્લા ગુરૂવારે સંકલન સમિતિની બેઠક બોલાવવામાં આવશે. સરકારએ નક્કી કરેલ નિયત સમય મર્યાદામાં દરેક કામ કરવામાં આવશે. દરેક કામની સમય મર્યાદા જાહેર જનતા વાંચી શકે તેનું બોર્ડ પણ કચેરીમાં મૂકવામાં આવશે. એકંદરે જિલ્લા શિક્ષણાધિકારીનો અભિગમ હકારાત્મક રહેલ હોય. આ બેઠકમાં સંચાલક મંડળના ડો. પ્રિયવદન કોરાટ, દિનેશ ભુવા, એન. ડી. જાડેજા, દર્શિત જાની આચાર્ય સંઘના વિનોદ ગજેરા, કિશોર દવે, સુનિલ બરોચિયા, હિતેશ નારિયા, ઉચ્ચ માધ્યમિક શિક્ષકના દિપક નથવાણી, ડો. લીલા કડછા, માધ્યમિક શિક્ષકના હિતેશ કનેરિયા, કૌશિક રાવલ વ્યાયામ શિક્ષક સંઘના ભરતસિંહ પરમાર તેમજ વહીવટીના જયેશ દુધાત્રા સહિત શહેર જિલ્લાના શૈક્ષણિક આગેવાનો તથા જિલ્લા શિક્ષણાધિકારી કચેરીના એજ્યુકેશન ઈન્સ્પેકટર બડમલિયા અને ધંધુકિયા સહિતના ઉપસ્થિત રહ્યા હતા. તેમ જણાવ્યું હતું.(૧૩)



રાજકોટમાં
વિડિયો એડ, કૉર્પોરેટ ફિલ્મ
અને પ્રમોશનલ વિડિયો
બનાવવા માટે કોલ કરો
95123 30013
VEEADEE
VeeDee Films Pvt. Ltd.
www.veedeefilms.com
Behind Big Bazar, Near Maruti Nagar Chowk, Rajkot - 360005

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક
આપની આસપાસ બનતી ઘટનાઓ, પ્રશ્નો સમાચારો, સામાજિક, ધાર્મિક અને સેવાકિય પ્રસંગો, અવસાન નોંધ સહિત શાળા-કોલેજોમાં ઉજવાયેલા પ્રસંગો, વિવિધ ક્ષેત્રે મેળવેલી સિધ્ધિઓ તેમજ રચનાત્મક પ્રવૃતિઓના સમાચારો અમને લખીને મોકલો. સૌરાષ્ટ્ર ક્રાંતીમાં યોગ્ય સ્થાન આપવામાં આવશે... (આ સાથે સારા રિઝોલ્યૂશવાળા ફોટોગ્રાફ પણ મોકલી શકો છો)
વોટ્સએપ નં.93752 17603 email:-saurashtrakranti@gmail.com
એડ્રેસઃ ૧૨૫, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ-૩૬૦૦૦૧

# ભરણ પોષણની રકમ નહીં ચૂકવનાર પતિને ૬૧ દિવસની સજા

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૭

આ કેસની હકીકત મુજબ અરજદાર ભાગ્યશ્રીબેન જયદીપભાઈ ગોહીલે પોતાના પતિ જયદીપભાઈ વિઠ્ઠલભાઇ ગોહીલ રાજકોટની ફેમિલી કોર્ટમા ભરણ-પોષણ મેળવવા અરજી કરી હતી જે અરજી અનુસંધાને ફેમિલી કોર્ટ દ્વારા અરજદારની અરજી મંજુર કરી માસિક રૂ.૩,૭૦૦ ચુકવવા હુકમ કર્યો હતો. જે હુકમનું જયદીપભાઈ ગોહિલે પાલન નહીં કરતા અરજદાર દ્વારા તેમના એડવોકેટ મારફત કુલ ચડત ભારણ ભારણ પોષણ પેટે રૂ.૪૩૦૦૦ મેળવવા રાજકોટની ફેમિલી કોર્ટ સમક્ષ અરજી કરી હતી. કોર્ટ દ્વારા પતિ જયદીપ ગોહેલ વિરૂધ્ધ નોટીસ ઈસ્યુ કરેલ હતી. જે નોટીસની બજવણી થઈ ગઈ હોવા છતા કોર્ટ સમક્ષ હાજર નહિ રહેતા કોર્ટે પકડ વોરંટ ઈસ્યુ કર્યું હતુ. જેમાં પરિવારના સભ્યો દ્વારા આરોપી હાજર નહીં હોવાનું જણાવતા કોર્ટ દ્વારા આરોપી વિરૂદ્ધ ફરતું વોરંટ ઇસ્યુ કરવા હુકમ કરી આરોપી મળી આવ્યે તેને ૬૧ દિવસની કેદની સજા કરવા હુકમ ફરમાવ્યો હતો.

આ કેસના અરજદાર પત્ની તરફે એડવોકેટ રણજીત પટગીર રોકાયા હતા.

Dt.27-07-2022 8
બુધવાર
અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

# રાજકોટના ગઢકા ગામે અમૂલ ડેરીના મિલ્ક પાવડરના પ્લાન્ટને મંજૂરી



## આસપાસના ૧૦૦ જેટલા ગામોના લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થશેઃ ભૂપત બોદર

**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૭

અમૂલ ડેરીના પનીર તથા મિલ્ક પાવડરના પ્લાન્ટને રાજકોટ જિલ્લાના ગઢકા ગામ ખાતે મંજૂરી આપવાના રાજય સરકારના નિર્ણયથી પંથકના ગ્રામજનો તથા પશુપાલકોમાં ખુશી છવાઇ ગઇ છે. આ તકે રાજકોટ જીલ્લા પંચાયતના પ્રમુખ ભુપતભાઈ બોદર એ જણાવેલ કે દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ વિકાસની નવી ઉંચાઇઓ સર કરી રહ્યો છે ત્યારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં અને પ્રદેશ ભાજપ પ્રમુખ સી.આર. પાટિલના માર્ગદર્શન હેઠળ ગુજરાતમાં એક પછી એક જનહિતકારી નિર્ણયોથી રાજ્યની જનતા સુશાસનનો અનુભવ કરી રહી છે. ત્યારે રાજ્ય સરકારના જન હિતકારી નિર્ણયથી એશિયાની સૌથી મોટી ડેરી એવી આ અમૂલ ડેરીના ગઢકા ગામ ખાતે યુનિટ સ્થાપન થવાથી આસપાસના ૧૦૦ જેટલા ગામોના લોકોને રોજગારીની તકો પ્રાપ્ત થશે. તેમજ આસપાસના પશુપાલકોની રોજગારી તથા સુખાકારીમાં વધારો થશે. ગઢકા આસપાસના વિસ્તારમાં કોઈ મોટો ઉદ્યોગ ન હોવાથી અમુલ ડેરીના આગમનથી સમસ્ત વિસ્તારની કાયાપલટ થઇ જશે.

અમુલ ડેરીના પનીર તથા મિલ્ક પાઉડરના પ્લાન્ટને રાજકોટ જિલ્લાના ગઢકા ગામ ખાતે મંજૂરી આપવાના રાજ્ય સરકારના આ નિર્ણયને રાજકોટ જિલ્લા પંચાયતના કાર્યદક્ષ પ્રમુખ ભુપતભાઇ બોદર, રાજકોટના પ્રભારી મંત્રી જીતુભાઇ વાઘાણી, રાજયના વાહન વ્યવહાર મંત્રી અરવિંદભાઈ રૈયાણી, સાંસદ મોહનભાઇ કુંડારીયા, જિલ્લા ભાજપ પ્રમુખ મનસુખભાઇ ખાચરિયા, ધારાસભ્ય લાખાભાઈ સાગઠિયા તથા રાજકોટ ડેરી ચેરમેન ગોરધનભાઈ ધામેલિયા સહિતના જિલ્લા ભાજપના પદાધિકારીઓએ રાજ્ય સરકારના આ નિર્ણયને સહર્ષ આવકારી રાજ્ય સરકારને અભિનંદન પાઠવ્યા છે.

રાજય સરકાર લોકોની સુખાકારી માટે દરેક ક્ષેત્રે પરિણામ લક્ષી કામગીરી કરી રહેલ છે પરિણામે રાજ્યમાં ભાજપ સરકાર આવ્યાં પછી લોકોના ઘણાં પ્રાણપ્રશ્નો ઉકેલાયા છે. તેમ અંતમાં આ નિર્ણયને આવકારતા ભુપતભાઈ બોદરએ જણાવેલ હતું.(૧.૫)

# રાજકોટઃ ગૃહમંત્રીના રાજીનામાની માંગ કરતું NSUI






**(સૌરાષ્ટ્ર ક્રાંતી કાર્યાલય-રાજકોટ)**

રાજકોટ, તા.૨૭

બોટાદના રાજિદ ગામે થયેલ કથિત લઠ્ઠાકાંડ મામલે NSUI અને યુથ કોંગ્રેસ દ્વારા રાજકોટના કોટેચા ચોક ખાતે રસ્તા પર બેસી ઉગ્ર સૂત્રોચ્ચાર સાથે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. આ સાથે ગૃહમંત્રીના રાજીનામાં અને ભોગ બનનારનાં પરિવારને આર્થિક સહાય આપવા સહિતની વિવિધ માંગો કરવામાં આવી હતી. જોકે આ અંગેની જાણ થતાં પોલીસ દોડી ગઈ હતી. અને

## વિરોધ કરતા કાર્યકરોની ટીંગાટોળી સાથે પોલીસે અટકાયત કરી

દેખાવો કરતા NSUIના આગેવાનો તેમજ કાર્યકરોની ટીંગાટોળી સાથે અટકાયત કરવામાં આવી હતી.

NSUIના ગુજરાત પ્રદેશ પ્રમુખ નરેન્દ્ર સોલંકીના જણાવ્યા મુજબ, ગુજરાતમાં કડક દારૂબંધી તો માત્ર કાગળ પર જ હોવાનું ફરી એકવાર સાબિત થયું છે. જેમાં દારૂના નામે ઝેરી કેમિકલ પદાર્થ ભેળવીને દારૂ પીવાથી ૪૦થી વધુ લોકો મૃત્યુ પામ્યા છે. રોજિદ ગામના લોકો દ્વારા ૪ મહિના અગાઉ દારૂબંધી અંગે મામલતદારને લેખિતમાં રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા કોઇ પગલાં લેવામાં આવ્યા નહોતા અને તેને લીધે આવું ખરાબ પરિણામ આપણી સામે આવ્યું છે.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, જો ગામ લોકોની રજૂઆત બાદ તંત્ર દ્વારા યોગ્ય પગલાં લેવામાં આવ્યા હોત તો કદાચ મોતને ભેટેલા લોકો આજે જીવિત હોત. ત્યારે રાજ્યના ગૃહમંત્રી દ્વારા રાજીનામું આપવામાં આવે, બનાવમાં સંડોવાલા ગુનેગારો સામે કડક કાર્યવાહી કરવામાં આવે અને ભવિષ્યમાં આવી અનિચ્છનીય ઘટનાઓ ન બને તે માટે પગલા લઈ મૃતકોનાં પરિવારને સરકાર દ્વારા આર્થિક સહાય કરવામાં આવે તેવી અમારી માંગ છે.

# EDને સમન્સ-ધરપકડ-મિલ્કત જપ્તીનો અધિકારઃ સુપ્રીમ કોર્ટ

**(એજન્સી સમાચાર)**

નવી દિલ્હી, તા.૨૭

દેશમાં ટોચના રાજકીય વિપક્ષી તથા કાળા નાણાં સાથે જોડાયેલા લાખો માટે દુસ્વપ્ન સમાન બની રહેલા પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટના સુધારાને સુપ્રીમ કોર્ટે કાનુની ગણાવી એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટને સમન્સ સાથે ધરપકડનો અધિકાર હોવાનું જણાવી આ કાનુન અને તેના સુધારાને પડકારતી તમામ રીટ અરજી ફગાવી છે.

સુપ્રીમ કોર્ટના ન્યાયમૂર્તિ એ.એમ.ખાનવીલકરના વડપણ હેઠળની ખંડપીઠે આ કાનૂની કેટલીક જોગવાઈ આકરી હોવા તથા એન્ફોર્સમેન્ટ ડિરેકટોરેટને અપાયેલી

**પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટની તમામ જોગવાઈને માન્ય રાખતી સર્વોચ્ચ અદાલત**

ધરપકડ સહિતની સતાને પડકારતી રીટ અરજી પર આજે ચૂકાદો આપતા જણાવ્યું હતું કે પ્રિવેન્શન ઓફ મની લોન્ડ્રીંગ એકટ એ એક સ્વતંત્ર કાનૂન છે અને તેમાં કોઈ ક્ષતિ નથી.

સુપ્રીમ કોર્ટે ૨૦૧૮માં મની લોન્ડ્રીંગ એકટમાં જે સુધારા થયા હતા તે તમામ માન્ય રાખીને ખાસ કરીને વિપક્ષી નેતાઓને મોટો આંચકો આપ્યો છે. સર્વોચ્ચ અદાલતે

(અનુ.પાના નં.૪ ઉપર)

# લઠ્ઠાકાંડ બાદ રાજકોટમાં દેશી દારૂ ધંધાર્થીના ઘરે ચેકીંગ



પોલીસ સક્રિય થતાં બુટલેગરો બહારગામ નાસી છૂટયા

## શાપર-વેરાવળમાં ૧૨ અને જિલ્લાના અન્ય ૩૪ સ્થળોએથી ૨૬૩ લીટર દેશી દારૂ કબ્જેઃ ૫૬ બુટલેગરો વિરૂધ્ધ કાર્યવાહી, ૧૮૭ બુટલેગરોને ત્યાં નીલ રેડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૭

બોટાદના બરવાળા ગામે સજાયેલા કથિત લઠ્ઠાકાંડ બાદ રાજ્યભરમાં પોલીસને દેશી દારૂના બુટલેગરો પર તુટી પડવા આદેશ મળ્યો હોય રાજકોટ જિલ્લામાં પણ સ્થાનિક પોલીસની અલગ અલગ ટીમોએ દરોડા પાડયા હતાં અને ૨૫૦ જેટલા સ્થળોએ પોલીસે તપાસ કરી ૫૬ બુટલેગરો વિરૂધ્ધ કાર્યવાહી કરી હતી. જ્યારે ૧૮૩ બુટલેગરોને ત્યાં નીલ રેડ કરવામાં આવી હતી. પોલીસે ૨૬૩ લીટર દેશી દારૂ અને ૧૮૦૦ લીટર જેટલો આથો કબ્જે કર્યો છે.

રાજકોટ રેન્જ આઈજી સંદીપસિંહ તેમજ જિલ્લા પોલીસ ૧ વડા જયપાલસિંહ રાઠોડની સુચના અને માર્ગદર્શન હેઠળ - રાજકોટ જિલ્લામાં દેશી ઘરૂ વેચનાર બુટલેગરો ઉપર પોલીસે - દરોડા પાડયા હતાં આ સ્પેશિયલ ડ્રાઈવ દરમ્યાન જિલ્લાની અલગ અલગ પોલીસ સ્ટેશનની ટીમોએ કાર્યવાહી કરી હતી. જેમાં શાપર વેરાવળમાંથી કુલ ૧૨ દેશીદારૂના કેસ શોધી કાઢવામાં આવ્યા હતાં. ઉપરાંત જિલ્લાના અલગ અલગ પોલીસ સ્ટેશનમાંથી ૩૪ મળી જિલ્લામાં કુલ ૪૬ દેશી દારૂના બુટલેગરો સામે કાર્યવાહી કરવામાં આવી હતી. ૨૬૩ લીટર દેશીદારૂ અને ૧૮૪૦ લીટર આથો કબ્જે કરવામાં આવ્યો હતો. તેમજ જિલ્લાના અન્ય ૧૮૭ દેશી દારૂના બુટલેગરોને ચેક કરવામાં આવ્યા હતા અને નીલ રેડ કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લામાં દેશીદારૂના બુટલેગરો ઉપર ધોસ બોલાવતાં છેલ્લા ઘણા દિવસથી ધમધમતા દેશી દારૂના હાટડાઓ બંધ થઈ ગયા હતાં. તેમજ રેન્જ આઈ.જી. અને જિલ્લા પોલીસ વડાએ દરેક પોલીસ સ્ટેશનનાં અધિકારીઓને પોતાના વિસ્તારમાં સઘન કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે.

બોટાદમાં સર્જાયેલા લાકાંડ બાદ રાજ્ય પોલીસ વડાએ રાજ્યભરમાં કોઈપણ સ્થળે દેશી દારૂના હાટડાઓ કોઈપણ ભોગે ચાલુ નહીં રાખવા અને કડક કાર્યવાહી કરવા રાજ્યભરનાં પોલીસ અધિકારીઓને સુચના આપી દીધી છે ત્યારે આગામી દિવસોમાં પણ હજુ પોલીસ આવા બુટલેગરો ઉપર ધોસ બોલાવશે.

**મોકાની ઓફીસ વેચવાની છે**

રાજકોટના પોશ વિસ્તારમાં ચાલુ ભાડા તેમજ ફર્નીચર સાથે ૧૦૫, રામ ચેમ્બર, ઢેબર રોડ રાજકોટ પહેલા માળે ૧૭૦ સ્કેવર ફુટની ઓફીસ વેચવાની છે.

સંપર્કઃ ૯૫૧૨૮ ૯૫૧૨૫

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક

જાહેર નોટીસ
કોર્ટ નોટીસ
જાહેર ચેતવણી
દાવાનાં સમન્સ
વગેરે પ્રસિધ્ધ કરાવો

ફક્ત રૂા.૬૦માં
+5%GST (પ્રતિ કોલમ સે.મી.અંદર પાને)

122, સ્ટાર ચેમ્બર, હરિહર ચોક, પંચનાથ પ્લોટ, રાજકોટ

Mo: 9033344426

# સરાજાહેર છરીના ઘા ઝીંકી યુવતીની હત્યાના કેસમાં ધરાર પ્રેમીને આજીવન કેદ, ૧ લાખ દંડ

**(સૌરાષ્ટ્ર ક્રાંતી પ્રતિનિધિ-રાજકોટ)**

રાજકોટ, તા.૨૭

રાજકોટમાં અગાઉના પ્રેમસંબંધો ધરાર ચાલુ રખાવવા ૮૦ ફુટ રોડ પર નટેશ્વર મહાદેવ મંદિર પાસે સાડા પાંચ વર્ષ પુર્વે સરાજાહેર યુવતીની હત્યાના કેસમાં સેશન્સ કોર્ટે આરોપી પુર્વપ્રેમીને આજીવન કેદ અને દંડ ફટકારતો હુકમ કર્યો છે.

આ કેસની ટૂંકમાં હકીકત મુજબ, મુળ અમરેલી જિલ્લાનાં ખાંભા તાલુકાનાં સમઢીયાળા ગામની વતની અને રાજકોટ શહેરનાં વાણીયાવાડી વિસ્તારમાં બહેન સાથે રહેતી ભાવિકા છગનભાઇ દાફડા નામની ૨૦ વર્ષીય યુવતીને સાવરકુંડલા તાલુકાનાં હાથસણી ગામના અને રાજકોટમાં કાલાવડ રોડ એમજી હોસ્ટેલમાં રહેતા ભાવેશ હીરાભાઈ વેગડા નામનાં યુવાને આડેધડ છરીનાં ઘા ઝીંકી કરપીણ હત્યા નીપજાવ્યાની મૃતકનાં બહેન પારુલબેન છગનભાઇ દાફડાએ ભક્તિનગર પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી.

પોલીસે ફરિયાદ પરથી ભાવેશ હીરા વેગડા સામે ક્લમ ૩૦૨ હેઠળ ગુનો નોંધી ધરપકડ કરી પ્રાથમીક તપાસમાં આરોપી ભાવેશ વેગડા અને મૃતક ભાવિકા વચ્ચે મિત્રતા હતી, બાદ ભાવિકાએ સંબંધ તોડી નાખતા ભાવેશને સારૂ નહી લાગતા તે પ્રેમ સંબંધો ચાલુ રાખવા અવારનવાર દબાણ કરતો હતો, જેમાં ગઈ તારીખ ૨૨/ ૧૧/ ૨૦૧૬ના રોજ સાંજે ભાવેશે મોબાઈલ ફોન કરી ભાવિકાને ૮૦ ફુટ રોડ ઉપર નટેશ્વર મહાદેવ મંદિર પાસે મળવા બોલાવી પ્રેમ સંબંધો ચાલુ રાખવા વાતચીત અને દબાણ કર્યા હતા, પરંતુ ભાવિકા પ્રેમ સંબંધો ચાલુ રાખવા તૈયાર ન હોય, જેનાં કારણે ભાવેશે છરીનાં આડેધડ ઘા ઝીંકી ઢીમ ઢાળી દીધાની કબુલાત આપી હતી. ધોરણસરની કાર્યવાહી બાદ પોલીસે ભાવેશને જેલ હવાલે કર્યો હતો. અને તપાસનીસ દ્વારા આરોપી સામે આઇપીસી ૩૦૨ના ગુના મુજબ અદાલતમાં ચાર્જશીટ રજુ કરી હતી.

આ કેસ સેશન્સ કોર્ટમાં કમિટ થતા જેની સુનાવણી ચાલવા પર આવતા જેમાં બંને પક્ષોની રજૂઆત બાદ સરકાર પક્ષે એપીપી તરણ માથુર ઉપસ્થિત રહ્યા હતા. જેમાં ૩૦ જેટલા સાહેદોને તપાસવામાં આવ્યા હતા. ૮૩ જેટલા દસ્તાવેજી પુરાવા રજૂ કર્યા હતા, ફરિયાદી, તબીબ, તપાસનીસ અને નજરે જોનાર સાહેદોની જુબાનીથી કેસની કડી મળતા આરોપીને સજા તરફ દોરી ગઇ તેમજ સરકારી વકીલ દ્વારા કરવામાં આવેલી ધારદાર દલીલો અને હાઇકોર્ટ અને સુપ્રીમ કોર્ટના ટાંકેલા ચુકાદા ધ્યાને લઈ રાજકોટ એડિશનલ સેશન્સ બી. ડી. પટેલે આરોપી ભાવેશ વેગડાને આઇપીસી કલમ ૩૦૨ના ગુનામાં તકસીરવાર ઠરાવીને આજીવન કેદ અને રૂપિયા એક લાખનો દંડ ફટકાર્યો છે આજીવન કેદ અને રૂ. એક લાખ દંડ, જીપી એક્ટ કલમ ૧૩૫ મુજબના ગુનામાં ચાર માસની કેદ અને રૂપિયા ૧૦૦૦ દંડ, દંડ ભરપાઈ થયેથી રૂ. એક

## દંડની રકમ મૃતકના બહેન અથવા માતા-પિતાને સોંપવા કોર્ટની સૂચના

લાખ ગુજરનારના બહેન પારુલબેન અથવા તેના માતા પિતાને જીપીસીની કલમ ૩૫૭ (ત્રણ) મુજબ વળતરરૂપે ચૂકવી આપવાનો હુકમ કર્યો છે. આ કામમાં સરકાર પક્ષે મદદનીશ સરકારી વકીલ તરુણભાઈ માથુર રોકાયા હતા.

અમે કાઠીયાવાડી અમારી વાત કાઠીયાવાડી
સૌરાષ્ટ્ર ક્રાંતી
સાંધ્ય દૈનિક



સૌરાષ્ટ્ર ક્રાંતી છેલ્લા છ વર્ષથી આપને અવનવા સમાચારોથી અપડેટ રાખે છે. નિષ્પક્ષ પત્રકારત્વની અલગ ઓળખ ઉભી કરવા કાયમ પ્રયત્નશીલ છે અમારા દ્વારા ડિજીટલ માધ્યમથી આપને સમાચારપત્ર પહોંચાડવામાં આવે છે. એક દિવસના એક રૂપિયાના અનુદાન દ્વારા આપ નિષ્પક્ષ પત્રકારત્વને જીવંત રાખી દેશની ચોથી જાગીર ને મજબુત બનાવવા નિમીત બનશો નીચે આપેલ લીંક પર કલીક કરીને સબસ્ક્રાઈબ કરો

http://www.saurashtrakranti.com/subscribe/

SAURASHTRA KRANTI (DAILY EVENING) Editor, Printer Publisher & Owner : GADHAVI ASHOK MULUBHA, Place of Publication : SAURASHTRA KRANTI KARYALAYA 125, STAR CHAMBER, HARIHAR CHOWK, PANCHNATH PLOT, RAJKOT-360001,ph.No.(0281) 2222306 Printed at: SAURASHTRA PRINTERY, PRAYAG INDUSTRIES PARK, RUDANAGAR, ANANDPAR (NAVAGAM) DIST. RAJKOT-360003 GUJARAT.